Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

जैनो संघश्चतुर्धा भवतु विविधसद्ज्ञानसंपद्विलासी
श्रेयः सामाजिकं यद्विलसतु सततं तत्र पूर्णप्रभावि ।
भक्ति श्रीमद्गुरूणां प्रसरतु हृदये भावपूर्णप्रकाशा
'आत्मानन्द प्रकाश' ह्यभिलषति सदा मासिकं चेतसीति ॥१॥

पु. १६. } वीर सं. २४४४—कार्तिक. आत्म सं. २३ } अंक ४ थो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રીપ્રભુ સ્તુતિ. ... ... . | ૮૧ | ૭ | ચારિત્ર બંધારણ. ... ... | ૯૧ |
| ૨ | કેટલાક પ્રસ્તાવિક શ્લોકો.. ... | ૮૨ | ૮ | જૈનસમાજ સેવા અને શ્રાવકક્ષેત્રની ઉન્નતિ માટે કેવા પ્રયત્નની જરૂર છે. | ૯૭ |
| ૩ | અહિંસા અથવા દયા ... ... | ૮૩ | ૯ | પ્રકીર્ણ. ... ... ... | ૧૦૨ |
| ૪ | ગચ્છનાયક કોણ હોઈ શકે ? ... | ૮૪ | ૧૦ | ગ્રંથાવલોકન... ... ... | ૧૦૨ |
| ૫ | આપણી આધુનિક ચાલતી સ્થિતિ સુધારી લેવાની ખાસ જરૂર. ... | ૮૫ | ૧૧ | પુસ્તક પહોંચ. ... ... | ૧૦૩ |
| ૬ | સ્વાશ્રયી બનો. ... ... ... | ૮૭ | ૧૨ | વર્ત્તમાન સમાચાર.... ... | ૧૦૪ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છ[illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નીચેના ગ્રથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

### ( પ્રસિદ્ધ કરવા માટે જ્ઞાનોદ્ધારના કાર્યના ઉતેજન માટે સહાયની અપેક્ષા છે. )

૧. શ્રી દાનપ્રદીપ ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ અને કથાએ સહિત જણાવનાર.

૨. શ્રી મહાવીરચરિત્ર ( શ્રી નેમીચંદ્ર સૂરિ કૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે બારમા સૈકામાં તે લખાગેલાં છે પાટણના ભંડારની તાડપત્ર પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. શ્રી વિમલનાથ ચરિત્ર ( શ્રી જ્ઞાન સાગર સૂરિ કૃત )

૪. શ્રી ઉપદેશ સપ્તતિકા ( શ્રી સોમધર્મગણિ વિરચિત )

૫. શ્રી ગુરૂગુણરત્નાકર

ઉપરના ગ્રંથો રસીક બોધદાયક અને ખાસ પઠન પાઠન કરવામાં ઉપયોગી છે. તેટલુંજ નહિ પરંતુ વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે દરેક ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર તૈયાર થાય છે. દ્રવ્ય સહાયની અપેક્ષા ( જરૂર ) છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે. વર્તમાન સમયમાં ધર્મના આવા સારા સાર ગ્રંથો પ્રસિદ્ધ કરી કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે.

બ્હોળા પ્રમાણમાં મુનિમહારાજેઓ, સાધ્વી મહારાજ અને જ્ઞાન ભંડાર વીગેરે જે (વગર કિંમતે ) ભેટ અપાય છે શહાય આપી ખાસ જે આવે તે તેવાજ જ્ઞાન ખાતામાં તેનો ઉપયોગ થાય છે લાભ લેવા જેવું છે. કીંમત.

---

## સંસ્કૃત ગ્રંથો.

### નીચેના ગ્રંથો હાલમાં પ્રસિદ્ધ થયા છે.

૧ ધર્માભ્યુદય નાટક સૂક્તમુક્તાવળી.
૨ પંચનિગ્રંથી પ્રજ્ઞાપના તૃતીય પાદ સંગ્રહણી સટીક.
૩ રત્નશેખરી કથા ( પાસ્ત ).
૪ દાન પ્રદીપ.
૫ બૃહુત સંઘયણી મોટી ટીકા.

ઉપરના પાંચ સંસ્કૃત ગ્રંથો તૈયાર થયા છે. મુનિમહારાજા તથા જ્ઞાનભંડાર વગેરેને પ્રથમ મુજબ ( સભાના ધારા મુજબ ) તેઓશ્રીના સમુદાયના વડિલ કે ગુરૂમહારાજની મારફત કોઇપણ શ્રાવકનું નામ લખી મોકલવું જેથી પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવશે.

અમારા માનવંતા લાઇફ મેમ્બરો જેઓ સંસ્કૃત તથા માગધી ભાષાના ગ્રંથોના અભ્યાસી ...છે અને દશમા તેમણે પણ ભેટ મંગાવવા અને જે જે બંધુઓને આ ગ્રંથો ઉપયોગી નથી, તે અચલિત છે. ...માણમાં મુનિમહારાજાઓને ભેટ પ્રથમ મુજબ આપીશું, જેથી તે રીતે તે ...નિર્ણય કરવામાં આ... લાભ પ્રાપ્ત થશે.

પુરૂષોત્તમ ગીગાભાઇ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात- पीडितेन तदपनयनाय हेयोपादेय- पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १६ ] वीर संवत् २४४४, आश्वीन आत्म संवत् २३. [ अंक ३ जो.

## श्री प्रभुस्तुति.

( મંદાક્રાંતા. )

પૂર્ણાનંદે, અનુપમ કૃપાસાગરે, જે પ્રકાશે,
દોષો સર્વે ખલ કરમના જે કરે નષ્ટ ભારે;
ભાવે છે જે ભવભય હરી ભાવના નિત્ય ભાવે,
એ જ્ઞાનીના ભવિજન કરો સર્વદા ગુણ ગાન.

V. M. Shah.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક પ્રસ્તાવિક શ્લોકો.

## પદ્યાત્મક ભાષાંતર સહિત.

લેઃ—શ્રીયુત કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી. (ભાવનગર).

संतप्तायसि संस्थितस्य पयसो नामापि न श्रूयते,
मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते ।
स्वात्यां सागरशुक्ति संपुटगतं तज्जायते मौक्तिकम्,
प्रायेणाधममध्यमोत्तम गुणाः संसर्गतो जायते ॥

(ભુજંગી.)

પડે તપ્ત લોઢા પરે વારિ જ્યારે, રહે નામ કે ઠામ તેનું ન ત્યારે;
પડે પદ્મપત્રે કદિ તેજ વારિ, દિસે આકૃતિ મોતીના તુલ્ય સારી.
કદિ સ્વાતિ નક્ષત્રમાં લાભકારી, પડે સાગરે છીપમાં તેજ વારી;
બને તો ખરે તે જ મોતી અમૂલ્ય, કહો કોણ છે શ્રેષ્ઠ સંસર્ગ તુલ્ય.
ગુણો નેષ્ઠ સામાન્ય કે શ્રેષ્ઠ તેમ, મળે ભાઈ ! સંસર્ગ જેવાજ એમ;
કરો સુજ્ઞ તે માટ સૌ સંગ સારો, ફરી શીખ આ ના કદાપે વિસારો.

यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो,
यावच्चेंद्रिय शक्तिरप्रतिहता यावत् क्षयो नायुषः ।
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्,
संदीप्ते भवने प्रकूप खननं प्रत्युद्यम कीदृशः ॥

(છપ્પો.)

જ્યાં સૂધી છે સ્વસ્થ શરીર આ સાજુ તાજું;
જ્યાં સૂધી છે દૂર જરાનું બાહુ દુઃખ ઝાઝું;
જ્યાં સૂધી છે સર્વ ઇન્દ્રિયો શક્તિવાળી,
જ્યાં સૂધી આયુષ્યતણી અવધિ નથી આવી;
આત્મકલ્યાણ સમજૂ જનો ત્યાં સૂધી સાધી લીયો,
આગ લાગે કૂપ ખોદવો—ઉદ્યમ અન્ય અફળો કીયો.

क्वचिद्भूमौ शय्या क्वचिदपि च पर्यंक शयनं,
क्वचिच्छाकाहारः क्वचिदपि च शाल्योदन रुचिः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कचित्कंथा धारी कचिदपि च दिव्यांबर धरो,
मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् ॥

(શિખરિણી.)

પડે સૂવું ભાઈ! કદિક પૃથિવીના પડ પરે,
મળે પર્યંકોમાં શયન કરવાનું કદિક રે;
મળે મોંઘા વસ્ત્રો કદિક સજવાને તનપરે,
કદિ ફાટી તૂટી શરીર પર કંથા નહિં અરે.
રસાલા મિષ્ટાન્નો કદિક જમવાને બહુ મળે,
કદી લૂખું પાખું ઉદર પુરતું એ નવ મળે;
તથાપિ કાર્યાર્થી ચતુર નર જે હોય જગમાં,
વિવેકેથી નિત્યે સુખ દુઃખ ગણે તે ન મનમાં.

संत्यज्य शूर्पवत् दोषान् गुणान् गृह्णाति पंडितः ।
दोषग्राही गुणत्यागी पल्लोलीव हि दुर्जनः ॥

(સોરઠો.)

શોધી લે છે સાર, સુપડાસમ સજ્જન સદા;
મૂર્ખો ગ્રહે અસાર, સાર ત્યજી ચારણી પેઠે.

—:( ચાલુ ):—

# અહિંસા અથવા દયા.

(લે૦ શ્રીમાન્ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.)

ખરી અહિંસા અથવા દયાનું સ્વરૂપ જાણવું પ્રથમ જરૂરનું છે. તોજ દયાનો યથાર્થ લાભ મેળવી શકાય. હિંસા અથવા નિર્દયતા સમજીને તજવાથી અહિંસા અથવા દયાનો લાભ હાંસલ કરી શકાય. તેથી પ્રથમ હિંસાનું લક્ષણ સમજવું જોઇએ. શાસ્ત્રકાર કહે છે કે '**પ્રમત્ત યોગાત્ પ્રાણ વ્યપરોપણં હિંસા**–પ્રમાદ યોગથી પ્રાણોનો અંત કરવો તેનું નામ **હિંસા** એ સામાન્યતઃ હિંસાનું લક્ષણ છે. તે હિંસા–પરિણામ જેથી નિપજે છે તે પ્રમાદ કયા કયા અને કેટલા કહ્યા છે તે જાણવું જરૂર છે. ૧ અજ્ઞાન, ૨ સંશય, ૩ મિથ્યાત્વ અથવા બુદ્ધિ વિપર્યાસ, ૪ રાગ, ૫ દ્વેષ, ૬ સ્મૃતિભ્રંશ, ૭ યોગ દુઃપ્રણિધાન–મન, વચન, કાયાના દુષ્ટ વ્યાપાર અને ૮ ધર્મનો અનાદર એ આઠ જાતના પ્રમાદ કહ્યા છે. તે તે પ્રમાદવશ કહો કે સ્વચ્છંદ વર્તનવડે એટલે દુષ્ટ વિચાર, દુષ્ટ વચન અને દુષ્ટ આચરણવડે જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વપર પ્રાણનો વિનાશ કરવો તેનું નામ **હિંસા**, આવી દુષ્ટ હિંસાથી વિરમવું-દૂર રહેવું તેનું નામ **અહિંસા** અથવા **દયા.** તેના પણ અનેક ભેદ હોઇ શકે છે. સ્વ-દયા, પર દયા, દ્રવ્ય દયા, ભાવ દયા, નિશ્ચય દયા, વ્યવહાર દયા, સ્વરૂપ દયા, હેતુ દયા અને અનુબંધ દયાદિક તેવા પ્રકાર છે. પ્રાણ બે પ્રકારના કહ્યા છે. ૧ દ્રવ્યપ્રાણ અને ૨ ભાવપ્રાણ. તેમાં પાંચ ઇન્દ્રિય, મન, વચન અને કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ દશ **દ્રવ્યપ્રાણ** કહેવાય છે ત્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યશક્તિ એ આત્માના **ભાવપ્રાણ** કહ્યા છે. તે તે દ્રવ્ય અને ભાવ પ્રાણની પ્રમાદ યોગથી હાનિ નહિ કરતાં સાવધાનપણે રક્ષા અને પુષ્ટિ કરવી તે ખરી દયા અથવા અહિંસા કહી શકાય. અહિંસા અથવા દયાનું યથાર્થ પાલન કરવા ઇચ્છનારે સંયમ અથવા આત્મનિગ્રહ અવશ્ય કરવો જોઈએ. ઇન્દ્રિયનિગ્રહ, કષાયનિગ્રહ, પાપ-અવ્રત નિગ્રહ અને ઇષ્ટ મન, વચન, કાયનિગ્રહ કરવાની ખાસ જરૂર છે. વળી સંયમ અર્થી જીવોએ સંયમની રક્ષા અને પુષ્ટિ નિમિત્તે બાહ્ય અને અભ્યંતર તપનું સેવન કરવું પણ જરૂરનું છે. સંયમવડે નવા કર્મ આવતાં અટકે છે, અને જ્ઞાન સહિત તપથી પુરાણાં કર્મનો ક્ષય થાય છે. એ રીતે આત્મનિગ્રહ કરનાર આત્મકલ્યાણ સાધી શકે છે. શુદ્ધ સ્વાભાવિક જ્ઞાન, દર્શન ચારિત્રાદિકની રક્ષા અને પુષ્ટિ કરવાવડે ઉત્તમ રીતે અહિંસાવ્રતનું આરાધન કરી અંતે અક્ષય સુખ પામી શકાય છે.

ઇતિશમ્.

# ગચ્છનાયક (ગણી-આચાર્યાદિ) કોણ હોઇ શકે ?

આ એક અતિ ગંભીર અને મહત્વનો પ્રશ્ન ઉકેલવાનો છે. શ્રીમાન્ હરિભદ્ર **સૂરીશ્વર શ્રી પંચવસ્તુ** ગ્રંથમાં સ્પષ્ટપણે નીચે મુજબ હકીકત જણાવે છે—

જે મહાનુભાવ સાધુસૂત્ર અને અર્થમાં નિષ્ણાત-નિપુણ હોય, બહુશ્રુત-ગીતાર્થ હોય;

પ્રિયધર્મા અને દ્રઢધર્મા હોય-શ્રુત ચારિત્ર એવા ધર્મ ઉપર અત્યંત પ્રેમ અને આત્માર્પણ કરી શકતા હોય;

અનુવર્તનાકુશળ-સમયોચિત મોક્ષ-ઉપાયના જાણ હોય;

ઉત્તમ જાતિ અને કુળમાં ઉત્પન્ન થયા હોય;

જેના માતપિતા સંબંધી ઉભય પક્ષ નિર્મળ હોય;

ગંભીર-ઉદાર આશયવાળા હોય;

લબ્ધિવંત-સારા અતિશયવાળા, શકિતવંત-પ્રભાવી, સંગ્રહશીલ અને ઉપગ્રહ નિરત-ગચ્છ સમુદાયનો સારી રીતે નિર્વાહ થાય ઉપગરણાદિકનો યથા અવસર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિ:સ્વાર્થપણે સંગ્રહ કરનારે તથા સહુને ઉપગાર કરવા દેશનાદિક દેવા સદાય તત્પર રહેતા હોય, જેમણે ક્રિયાકાંડનો સારી રીતે અભ્યાસ કરેલો હોય–અને જે પ્રવચન ( શાસન–આજ્ઞા ) ઉપર અત્યંત પ્રેમ ધરાવનારા હોય તેવા સમર્થ મહાત્મા ગણનાયક અથવા આચાર્ય હોઇ શકે એ રીતે તીર્થંકર દેવોએ કથેલું છે. તેમજ વળી ગચ્છનાયિકા એવી પ્રવર્તિની પણ આવા ઉત્તમ ગુણવાળી સમર્થ સાધ્વી હોય તેજ હોઇ શકે.

જે ગીતાર્થ–સૂત્ર અર્થ ઉભયમાં નિપુણ હોય;
સમયોચિત સંયમક્રિયામાં કુશળ સાવધાન હોય;
ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ–કુલીન હોય;
ઉત્સર્ગ અપવાદ યથાર્થ સમજનાર હોય;
ઉદાર આશય, ચિર દીક્ષિત અને વયોવૃદ્ધ હોય;

પૂર્વોક્ત ગુણરહિત છતાં જે ગચ્છનાયક પદવી કે પ્રવર્તિની પદવી પાત્રતા રહિત અયોગ્ય જીવને આપે અને પોતાનામાં પાત્રતા આવ્યા વગર ઉક્ત પદવી અંગીકાર કરે તે જિનઆજ્ઞાનો લોપ કરનાર વિરાધક બની સ્વપરનું હિત બગાડે છે. કેમકે, **ગૌતમ સ્વામી પ્રમુખ મહાપુરૂષોએ** ગણધર પદને વહન કરીને એ શબ્દ સાર્થક કર્યો છે. તે મહાપદવી જાણી જોઇને પાત્રહીન–અયોગ્ય જીવમાં જે સ્થાપન કરે છે તેને મહાપાપી–ઉન્માર્ગ પોષક કહ્યો છે. તેમજ જે પ્રવર્તિની શબ્દ **આર્યચંદનાદિક મહા સતીઓએ** વહી સાર્થક કરેલ છે તે પદવી જાણતા છતાં જે પાત્રહીનતામાં સ્થાપન કરે છે તેને પણ મહાપાપી ઉન્માર્ગ પોષક કહ્યો છે.

સાર—શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વર જેવા મહાપુરૂષોનાં સર્વમાન્ય પ્રમાણિક વચનનો ભાવાર્થ વિચારી, ભવભીરૂ આત્માર્થી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ખ્યાલ કરી સત્ય હિતકારી માર્ગ આદરવાનો ખપ કરશે તો સ્વપર હિત જરૂર કરી શકશે.

ઇતિશમ્.

# આપણી આધુનિક ચાલતી સ્થિતિ સુધારી લેવાની ખાસ જરૂર.

આજકાલ ગતાનુગતિકતા ઘણીજ વધી પડી છે એટલે એકે કર્યું પછી તે ભલું કે ભૂડું, પરિણામે સારૂં કે નરતું, ગુણકારી કે વિપરીત તેનો કશો ઉંડો ખ્યાલ કર્યા વગર કે પોતપોતાનો અધિકાર–યોગ્યતા–પાત્રતાદિક તેમજ તે સાથે રહેલી સ્વપરની જવાબદારીનો પૂરતો વિચાર કર્યા વગર એક બીજા તેનું અંધ અનુકરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા લાગી જાય છે. ગણી, પન્યાસ, આચાર્ય, ઉપાધ્યાય કે પ્રવર્ત્તક પ્રમુખ **પદ્વીપ્રદાન** કે **સ્વીકાર** આશ્રી આજકાલ એવી અંધાધુંધી ચાલી રહી છે, એટલુંજ નહિ પણ પંચપરમેષ્ઠી પૈકી પરમ કલ્યાણ સાધવા માટે હેતુરૂપ સામાન્ય શ્રી **સાધુપદ** પણ તેની યોગ્યતા–પાત્રતાદિક તપાસવાનો કશો ખપ કર્યા વગર જેમ આવે તેમ જેવા તેવાને કેવી રીતે સમારોપી દેવામાં આવે છે તે શાસનનું હિત હૈયે ધરનાર સજ્જનોએ ખાસ વિચારવા જેવું છે. શાસ્ત્રવિહિત માર્ગનો અનાદર કરી સ્વચ્છંદપણે ઉક્ત સર્વ કાર્ય કરતાં તેનાં કેવાં વિપરીત પરિણામ પ્રગટ રીતે આવે છે તે ઉપરથી તેનાં ભાવિ પરિણામ માટે અનુમાન બાંધી શકાય. શ્રીમાન્ હરિભદ્ર સૂરિશ્વરે પંચાશકાદિકમાં **દીક્ષા પ્રકરણ મધ્યે સમકિત, દેશવિરતિ** કે **સર્વવિરતિ** આરોપતાં સામા જીવની પાત્રતા–યોગ્યતા તપાસવા જે ફરમાન કરેલું છે તે આ કાળ માટે વિશેષે ઉપયોગી હોવાનું જણાવ્યું છે. તેની ખાત્રી કરી લેવા ખપીજનોએ **મૂળપંચાશક** તેની ટીકા કે તેનું પ્રસિદ્ધ થયેલ ભાષાન્તર અવલોકવું જોઇએ. (જૂઓ ભાષ્યત્રય ભાષાન્તર ગુજરાતી, જેમાં દીક્ષા પ્રકરણ ભાષાન્તર પણ સામેલ છે) કેટલાએક મુગ્ધજનો એવી દલીલ કરે છે કે તે તે શાસ્ત્ર–ગ્રંથમાં ફરમાવ્યા મુજબ યોગ્યતાદિક જોવા જઇએ તો પત્તો ખાય નહિ અને સંયમાદિક ધર્મની વૃદ્ધિ થાય નહિ. આ તેમનું કહેવું અજ્ઞાન મૂળ એટલે તે તે શાસ્ત્રરહસ્યનું બીલકુલ અણજાણપણુંજ સૂચવે છે. પરમકૃપાળુ સૂરીશ્વરે કેવળ શાસનના હિતની રક્ષા અને વૃદ્ધિ માટે જે જે જરૂરી મર્યાદા સાચવવા કહી છે તેનો ઉચિત આદર કરી, તેના ઉત્તમ ફળ–પરિણામનો સાક્ષાત્ અનુભવ કરી જોવાને બદલે તેથી વિરૂદ્ધ બોલવું અને વર્ત્તવું એ તો પ્રગટ એ મહાપુરૂષનુંજ અપમાન કરવા જેવું છે, એટલુંજ નહિ પણ તીર્થંકર ગણધરાદિકનું પણ તે અપમાન કરવા બરોબર છે, કેમકે શ્રી હરિભદ્રાદિક સૂરીશ્વરોએ જે જે શાસ્ત્રકથન કરેલાં છે તે તે તિર્થંકરાદિક મહાપુરૂષોના આપ્તવચનને અનુસરીનેજ કરેલા છે; તે કથનનું ઉલ્લંઘન કરવું તે મહા પાપકારી અને અનર્થદાયકજ હોઇ શકે. તેનાં માઠાં પરિણામ સૂક્ષ્મ દૃષ્ટિ મધ્યસ્થ જનોથી અત્યારે પણ અજાણ્યાં નહિ હોય. તેની ઉપેક્ષા કરવાથી ભવિષ્યમાં કેટલું બધું ભયંકર પરિણામ આવે અને તેથી શાસનની રક્ષા અને વૃદ્ધિ કરવાને બદલે કેટલી બધી હાનિ અને અવનતિ થવા પામે તે સહૃદયજનોએ સારી રીતે વિચારી સ્વપરને એકાન્ત લાભકારી માર્ગ આદરવા ખપ કરવો જોઇએ.

ઇતિશમ.

**લે૦ શ્રીમાન્ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વાશ્રયી બનો.

લે૦ વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૭૪ થી )

તમારા કરતાં વયમાં આગળ વધેલા ઘણા લોકો હોય છે, જેઓ હાથની અથવા પગની ખોડવાળા હોય છે છતાં તેઓના જીવન નિર્વહનના સાધનો મેળવી શકે છે; અને તમે શારીરિક આરોગ્ય અને કાર્ય કરવાની શક્તિથી સંપન્ન છો છતાં તમને અન્ય લોકોની સહાયની અપેક્ષા રહે છે એ શોચનીય છે. જ્યાંસુધી મનુષ્ય પરતંત્ર છે ત્યાંસુધી તે મનુષ્યની કોટિમાં છે એમ તેનાથી ધારી શકાય જ નહિ. જ્યારે આપણે આપણને સંપૂર્ણતઃ સ્વતંત્ર બનાવે એવા વ્યાપાર ધંધામાં જોડાયા હોઇએ છીએ ત્યારે આપણને જે શક્તિ અને પૂર્ણતાનું ભાન થાય છે તે બીજી કશી વસ્તુથી થતું નથી. જવાબદારી મનુષ્યની શક્તિને પ્રકાશમાં લાવે છે. સ્વતંત્ર ધંધામાં ઉદ્યુક્ત થયા પછી ઘણા યુવકોને આત્મશકિતનું ભાન થયું છે એ અનુભવનો વિષય છે. આવા લોકોએ સ્વશક્તિના ભાન વગર અન્ય કોઈ વ્યક્તિના વતી વર્ષો પર્યંત કાર્ય કર્યું હોય છે. અન્ય વ્યક્તિના વતી કાર્ય કરતા હોઇએ છીએ ત્યાં સુધી આપણી શકય શક્તિઓ પૂર્ણતાથી પ્રફુલ્લ થાય એ વાર્તા અસંભવિત છે; કેમકે એમ કરવામાં મહત્વાકાંક્ષાનો અથવા ઉત્સાહનો અભાવ હોય છે. આપણે ગમે તેટલા કર્ત્તવ્યનિષ્ટ હોઇએ તોપણ મનુષ્યની શક્તિને–આંતરિક બળને પ્રકાશમાં લાવવાને જે પ્રોત્સાહનની અગત્ય છે તેનો અભાવ છે. સ્વતંત્ર અને સ્વાશ્રયી મનુષ્ય સર્વોત્કૃષ્ટ લેખાય છે; અને જ્યાંસુધી માણસ પરાધીન હોય છે, ત્યાંસુધી સ્વાશ્રયનો સંપૂર્ણ બહિર્ભાવ અને વિકાસ થઈ શકતો નથી.

સમુદ્ર શાંત હોય છે ત્યારે વ્હાણ હંકારવામાં અત્યંત હોશીયારી અથવા અનુભવની જરૂર હોતી નથી; પરંતુ જ્યારે વ્હાણ ભરદરિયે હોય છે, જ્યારે ડુબી જવાની તૈયારીમાં હોય છે, જ્યારે પ્રત્યેક ઉતારૂ ભયભીત બનેલું હોય છે ત્યારે જ કપ્તાનના કળાકૌશલ્યની ખરી કસોટી થાય છે. ખરા કટાકટીના મામલામાં જ મનુષ્યના પ્રાવીણ્યની, અનુભવની અને ડહાપણની પરીક્ષા થાય છે, અને એવા સમયેજ મનુષ્ય પોતાની મહાન શકિતઓ દર્શાવી શકે છે. બાહ્ય આડંબરની સુંદરતા ટકાવી રાખવાનો, ગ્રાહકોને પુરતો સંતોષ આપીને હમેશના કરવાનો યત્ન સર્વદા કરવો પડે છે. આમ કરવામાં મનુષ્યે પોતામાં રહેલું સર્વસ્વ બહાર લાવવું પડે છે. દ્રવ્યનો સંકોચ હોય છે, ધંધા રોજગાર મંદ હોય છે અને જીવન વહન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાની પદ્ધતિ ઉંચી હોય છે ત્યારેજ ખરેખરો પુરૂષ મહાન પ્રગતિ કરી શકે છે. જ્યાં પ્રયાસમાં શિથિલતા હોય છે ત્યાં ઉત્કર્ષની અને સચ્ચારિત્ર્યની આશા પુષ્પવત્ છે.

જે યુવક જાણે છે કે કેળવણી સંપાદન કરવાને તેની પાસે પુરતું દ્રવ્ય છે, અને એક શિક્ષકને સારા પગારથી ગોઠવી પરીક્ષામાં ઉત્તીર્ણ થવાને શ્રમ લેવાની તેને જરૂર નથી તેના ભાગ્યની અને જે યુવકને પોતાના પગ પર ઉભા રહી રાત્રિ દિવસ આત્મ–સુધારણા અને આત્મોત્કર્ષને માટે પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવાની જરૂર પડે છે અને જે જાણે છે કે ધનવાન પિતા કે પિતૃદ્રવ્ય અથવા કોઇ ઉદારચિત્ત મિત્ર તરફથી તેને કોઇ પણ પ્રકારનું અવલંબન મળી શકે એમ નહિ હોવાથી પોતાનેજ દ્રવ્ય ઉપાર્જન કરવું પડશે તેના ભાગ્યની વચ્ચે કેટલું બધું અંતર પડે છે તે વિચારતાં સહજ ગ્રાહ્ય થઇ શકે તેમ છે. પોતાના વતી કોઇ માણસ સર્વ કાર્ય બજાવે છે એવું જ્ઞાન હોય છે ત્યાંસુધી આત્મશ્રદ્ધા અથવા સ્વાતંત્ર્યનો વિકાસ થાય એ વાત અસંભવિત છે. વિકાસથી જ શક્તિ બલવત્તર બને છે. કોઇ પણ વસ્તુ પ્રાપ્ત કરવાના પ્રયાસ અને ઉદ્યમથી જ ખરૂં સત્વ બહાર આવે છે.

જ્યારે આપણને લાગે છે કે આપણને કોઇ બાહ્ય સાહાય્ય લભ્ય થઇ શકે એમ નથી, આપણા પોતાના ઉદ્યમથી આપણે ઉચ્ચગામી વા અધોગામી થવાનું છે, દુનિયામાં આપણે આપણો પોતાનો માર્ગ કરવાનો છે અથવા નિષ્ફળતાનું કલંક વ્હોરવાનું છે ત્યારે સ્વભાવત: આપણે જે ઉદ્યમ અને પ્રયાસ કરવા માંડીએ છીએ, તેવો અન્ય કોઇ પણ સમયે કરતા નથી એ માન્યતા નિર્વિવાદ છે. બાહ્ય સાહાય્ય વગર કેવળ પોતાનાજ સાધનો ઉપર અવલંબી રહેવાની સંસ્થિતિમાં એવું કંઇક છે કે જે વડે મનુષ્યમાં રહેલી કોઇ ભવ્ય અને દિવ્ય વસ્તુનું પ્રકટીકરણ થાય છે અને પ્રયત્નનો જે કંઇ અવિશિષ્ટ ભાગ હોય છે તે બહાર આવે છે. જેવી રીતે મહાન આપત્તિના પ્રસંગે સ્વપ્નમાં પણ અનનુભૂત અને અપ્રાપ્ત શક્તિનો મનુષ્ય આવિર્ભાવ કરે છે તેવી રીતે કોઇ પણ સ્થળેથી કોઇ શક્તિ તેની મદદે આવી પહોંચે છે. આપત્તિનો પ્રસંગ ઉપસ્થિત થયા વગર જે કાર્યો કરવાનું તેને માટે અસંભવિત હતું તેવા કાર્યો કરવાને તે રાક્ષસી બળ ધરાવે છે એમ તેને લાગે છે. ધારો કે કોઇ મનુષ્યની જીંદગી જોખમમાં છે. જે ભાંગી ગયેલ ગાડીમાં બેઠો છે તેને કદાચ આગ લાગે. આવી સ્થિતિમાં જો તે પડ્યો રહે તો તેનું મૃત્યુ થાય તેમ છે. આવા અણીના સમયે તેણે કંઇ પણ કરવું જોઇએ. જેમ ભયમાં આવી પડેલ બાળકને જોઇને એક અશક્ત માતાની બાબતમાં બને છે તેમ જે શક્તિનો પ્રાદુર્ભાવ માત્ર કટાકટીને પ્રસંગે થાય છે તે શક્તિ–તે બળ તેનામાં આવે છે, અને પોતાને કોઇ અપૂર્વ અને અપ્રતિમ શક્તિની સંપ્રાપ્તિ થઇ છે એમ તે દૃઢતા પૂર્વક માને છે.

પોતાની અંગત જરૂરીયાતો પુરી પાડવાને જો મનુષ્ય પ્રયાસ અથવા ઉદ્યમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતો નથી તો તેનામાં અને પશુમાં લેશ પણ તફાવત દૃષ્ટિગત થતો નથી. તંગી અથવા જરૂરીયાત મહાન વિકાસ કરનાર છે. જરૂરીયાત રૂપ પ્રોત્સાહનથીજ મનુષ્ય જાતિ સુધારાના ઉચ્ચતમ શિખર પર આરૂઢ થયેલ છે. દુઃખપીડિત અને ક્ષુધાર્ત બાળકોના ફિક્કા પડી ગયેલા વદન નિહાળીને પ્રોત્સાહિત થઇને મહાન શોધકો પોતાના અસ્તિત્વના ઉંડામાં ઉંડા પ્રદેશોમાં વિચર્યા છે, અને અમાપ શક્તિની પ્રાપ્તિથી તેઓએ અદ્ભુત ચમત્કારોભરી શોધો કરી બતાવી છે એ આપણા વાંચવામાં અને જાણવામાં અનેક વખત આવ્યું છે. તંગી અથવા જરૂરીયાતના દબાણથી ઉત્તેજિત થયેલા મનુષ્યને કોઈ પણ વસ્તુ અપ્રાપ્ય નથી. જ્યાં સુધી આપણે કસોટીએ ચઢ્યા હોતા નથી, અને જ્યાં સુધી જે ગુહ્ય શક્તિ આપણા કાર્યોમાં ઉંડી રહેલી છે અને જે શક્તિ સામાન્ય સંજોગોમાં બહાર આવતી નથી તે શક્તિ કોઈ મહાન સંકટ વેળાએ પ્રકટ થતી નથી ત્યાં સુધી આપણને આપણા આંતરિક બલનું વાસ્તવિક ભાન થતું નથી. આ શક્તિ આપત્તિકાળેજ પ્રકટ થાય છે; કેમકે તે શક્તિ સંપાદન કરવા માટે આપણે અંતરમાં ઉંડા ઉતરવાની જરૂર છે તે આપણને અગમ્ય અને અગોચર છે.

એકદા એક બાળકે પોતાના પિતાને કહ્યું કે:–"મેં એક કાષ્ટ કુક્કુટને વૃક્ષ ઉપર બેઠેલો જોયો છે." પિતાએ જવાબ આપ્યો કે:–"તે વાત અસંભવિત છે; કેમકે કાષ્ટકુક્કુટો વૃક્ષ પર ચઢી શકતા નથી." બાળકે આગ્રહપૂર્વક જણાવ્યું કે, "તેને મારી નાખવાને આવેલા એક શ્વાનના પંજામાં સપડાઇ જવાની ભીતિથી તેને વૃક્ષ પર ચઢી જવું પડયું હતું. તે સિવાય તેને જીંદગી બચાવવાનો કશો માર્ગ ન હતો." આ પ્રમાણે જીવનમાં અનેક વખત આપણે અસંભવિત કાર્યો કરીએ છીએ તેનું કારણ એજ કે આપણે તે કરવા પડે છે.

સ્વાશ્રયી મનુષ્ય મિત્રો, સબળ ઓળખાણ, મિલ્કત, પદવી અથવા કોઇ પણ પ્રકારની સાહાય્ય વગર ચલાવી શકે છે. સ્વાશ્રયથી વિઘ્નો અથવા મુશ્કેલીઓ દૂર કરી શકાય છે, પરાક્રમ ભરેલા કાર્યો બજાવી શકાય છે, મહાન શોધખોળોની પૂર્ણતાએ પહોંચાય છે. આવું અન્ય માનુષી ગુણથી થવું અશકય છે. જે મનુષ્ય જગતમાં એકલો ઉભો રહી શકે છે, જેને મુશીબતીનો ડર નથી, અને જેને પોતાની અંદર રહેલા કાર્ય કરવાના નૈસર્ગિક બળમાં સંપૂર્ણ દૃઢ શ્રદ્ધા છે તેજ માણસ પ્રાંતે વિજયી નીવડે છે એમાં જરા પણ સંદેહ નથી.

અનેક માણસોનું વજન લોકોમાં ઘણું ઓછું પડે છે તેનું એક કારણ એ છે કે તેઓ કાર્યો કરતાં ડરે છે, અથવા તો તેઓને આત્મબળની પુરેપુરી ખાતરી હોતી નથી. તેઓ સ્વતઃ વિચારો કરવાની અને અમુક નિશ્ચય પર આવવાની હિંમત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી શકતા નથી. તેઓ પોતાના વિચારો પ્રકાશમાં મૂકવાની હિંમત કરે છે તે પહેલાં તમને ઉક્ત વિચારો સ્વીકાર્ય છે કે નહિ એ અન્ય લોકો દ્વારા જાણવા મથે છે; અને છેવટે વિચારો પ્રકાશમાં મુકાયા પછી તમને એમજ જણાય છે કે તેઓના વિચારો તમારા વિચારોનું પ્રતિબિંબ અથવા રૂપાંતર માત્ર છે.

માનુષી પ્રકૃતિમાંજ એવું કંઇક ગૂઢ રહેલું છે કે જે વડે મનુષ્યોને સત્ય પર, સ્વતંત્રતાથી પોતાના વિચારો કરનાર અને રજુ કરનાર, કર્ત્તવ્યનિષ્ટ, અને પોતાના નિશ્ચયબળથીજ રહેવાને હિંમતવાન માણસો પર પ્રેમ ઉપજે છે.

જ્યાં સુધી આપણા વિચારો તેના જાણવામાં આવતા નથી. ત્યાં સુધી બીજા લોકો વિરૂદ્ધ પડશે અને તેઓને ખોટું લાગશે, એવી ભીતિથી જે મનુષ્ય પોતાના આંતરિક વિચારો પ્રદર્શિત કરવાની હિંમત કરતો નથી તે તિરસ્કારને પાત્ર બને છે; પરંતુ પોતાની આસપાસના માણસોની સંકુચિત દૃષ્ટિની સીમા બહાર જે મનુષ્યનું નિશાન આવી રહેલું છે, અને જેનામાં સ્વતઃ પોતાનો માર્ગ કરી લોકચર્ચાની દરકાર કર્યા વગર કર્તવ્યપરાયણ રહેવાની હિંમત છે તે પુરૂષ સત્કારને પાત્ર બને છે, અને તેનું જીવન પણ અનુકરણીય અને દૃષ્ટાંત રૂપ બને છે. આવા વિચક્ષણ પુરૂષને હતાશ થવાનો કદિ પણ પ્રસંગ આવતો નથી; કેમકે તે સારી રીતે સમજતો હોય છે કે માત્ર દીર્ઘદર્શી જનોનેજ તેનું નિશાન દૃષ્ટિગમ્ય છે. અને જો તે નિશાન વધારે દૂર રાખશે તો તે સ્થળ સુધી તેની આસપાસ રહેલા ઘણા ખરા લોકોની દૃષ્ટિ પહોંચી શકશે નહિ.

“ જગત્‌માં મારૂં જીવન કોઇ મહાન સદ્‌હેતુને માટે નિમાયેલું છે. અન્ય લોકોને સહાયભૂત થવામાં મારે મારૂં જીવન વહન કરવાનું છે, અને આ ભવ્ય જીવન–નાટ્યમાં સૌને પોતપોતાના નિયુક્ત કાર્યનું અનુષ્ઠાન કરવાનું હોવાથી મારૂં કાર્ય કોઇ બીજા માણસથી થઇ શકે તેમ નથી ” આવું નિશ્ચય બળ, આવી દૃઢ મનોભાવના એક પ્રકારનાં બલવર્ધક ઔષધસમાન છે. તમે તમારો નિયોગ બરાબર ભજવી શકતા નથી. તો એમ માનવું કે હજુ કંઇક વસ્તુની ન્યૂનતા છે. જ્યાં સુધી મનુષ્યને એમ લાગતું નથી કે અમુક મહાન સદ્‌હેતુ સાધવાને અમુક ભૂમિકા ભજવવાને જગત્‌ની ચિત્રવિચિત્ર રંગભૂમિપર મારૂં આગમન થયું છે ત્યાં સુધી લોકની દૃષ્ટિમાં તેની કશી ગણના થતી નથી; પરંતુ જે ક્ષણે તેના હૃદયમાં આ સદ્‌ભાવનાનો સંચાર થાય છે કે તે જ ક્ષણે જીવનનો કોઈ જુદો અને નવિન અર્થ–ઉદ્દેશ હોય એમ તેને સ્પષ્ટતઃ પ્રતીત થાય છે. ( અપૂર્ણ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચારિત્ર બંધારણ.

આત્માનંદ પ્રાપ્ત કરવામાં ચારિત્ર બંધારણ કેટલું મદદગાર છે તેનો વિચાર જૈન શાસ્ત્રકારોએ કેવી રીતે કરેલો છે, તે તપાસવાને આપણે કંઇ અંશે પ્રયત્ન કરીશું તો તે સ્વપર બન્નેને હિત કર્ત્તા છે. સંપુર્ણ આનંદ, સર્વથા બંધનથી મુકત થયેલ, પરમાત્મપદ પ્રાપ્ત કરેલ, સિદ્ધ પરમાત્માને હોય છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવાને જ્ઞાન દર્શન અને ચારિત્રના આરાધનની જરૂર છે. સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્ર એ મોક્ષ માર્ગ છે. એમ જ્ઞાનીઓનું કથન છે.

હાલના પ્રવર્તિમય જમાનામાં એટલી બધી ઉંચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવાની જીજ્ઞાસા થવી એ મહા દુર્લભ છે. સમ્યક્ચારિત્રની કિંમત ઘણી છે. વ્યવહારમાં ચારિત્રવાન મનુષ્યોની જેટલી કિંમત અંકાય છે તેટલી ચારિત્ર રહિત કેળવણી પામેલાની અંકાતી જોવામાં આવતી નથી, ઉંચ પ્રકારનું ચારિત્ર ઘડવા માટે કઈ દીશાએ યત્ન કરવો જોઇએ, એના માટે વિદ્વાનોએ ઘણા ગ્રંથો બહાર પડેલા છે તેનો અભ્યાસ કરી ઉંચ પ્રકારનું ચારિત્ર ઘડનાર પ્રમાણમાં થોડા વીરલાજ માલમ પડે છે.

ઉંચ પ્રકારના ચારિત્ર બંધારણની ઈચ્છાવાળાએ પ્રથમ સમ્યક્ જ્ઞાન પ્રાપ્તિ કરવાને પ્રયત્ન કરવો જોઇએ. કેમકે સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થયા સિવાય સમ્યક્ ચારિત્ર કોને કેહવાય તેનો બોધ તેને થઈ શકશે નહિ. સમ્યક્ ચારિત્રનું સ્વરૂપ સમજ્યા શિવાય તે દિશા તરફ પ્રવર્તિ થઇ શકશે નહિં.

ભવ્ય આત્મામાં અનંત જ્ઞાન દર્શનયુકત શુદ્ધ ચારિત્ર સત્તાગત હોય છે. છતાં અનાદિકાલથી જડ સ્વભાવવાળા કર્મોએ તેનું યથાર્થ સ્વરૂપ પ્રગટ થવા દીધું નથી. જ્ઞાન અને દર્શન એ આત્માના મુખ્ય ગુણ છે એ આત્માની લબ્ધિ છે. તેને તે તે પ્રકારના આવરણોએ રોકેલી છે તેથી તેનું યથાર્થ સ્વરૂપ આપણે જાણી શકતા નથી. તે પ્રગટ કરી શકતા નથી. સુર્ય મહા તેજવાન છે ચોમાસાના દિવસોમાં દરરોજ સુર્ય પોતાના કાળક્રમ પ્રમાણે ઉદય અને અસ્ત થાય છે, છતાં વાદળાના આચ્છાદનના લીધે તે રૂતુમાં સૂર્યનું મહાન તેજ જગતમાં જોવામાં આવતું નથી. જેમ વાદળાં ઘાટાં હોય છે, તેમ પ્રકાશ અલ્પ હોય છે. તે વાદળાં જેમ જેમ કમતી થતાં જાય છે તેમ તેમ પ્રકાશ વધુ માલમ પડતો જાય છે અને શરદ રૂતુમાં તથા બીજી રૂતુમાં વાદળાનો સર્વથા અભાવ હોય છે તે વખતે તેનો પ્રકાશ આપણાથી જોઇ શકાતો નથી અને તાપ સહન થઇ શકતો નથી, તેજ મીશાલે આત્મા અનંત જ્ઞાન દર્શનવાન હોવા છતાં ઘાટા આવરણોએ અજ્ઞાનતા માલમ પડે છે. એ ઘાટા આવરણો અનાદિકાળથી તેને લાગેલાં છે જે અજ્ઞાન અથવા મિથ્યાત્વના નામથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓળખાય છે. સત્સમાગમ અને સમ્યક શાસ્ત્રાવબોધથી જીવને પોતાનું સ્વરૂપ સમજાય છે ત્યારે તે જ્ઞાન પ્રાપ્તિના માટે પ્રયત્ન કરે અને જીવનું યથાર્થ સ્વરૂપ કેવા પ્રકારનું હોય છે અને તે પ્રગટ કરવાને માટે કેવા પ્રકારે પ્રયત્ન કરવો જોઇએ એમ તેને પોતાને પ્રશ્ન થાય છે, ત્યારથી તેના ચારિત્ર બંધારણમાં ફેરફાર કરવાની તેને વૃતિ થાય છે અને સમ્યક્ પ્રકારના ચારિત્રને માટે પોતાની શકિત માફક તે પ્રયત્ન કરવાની શરૂઆત કરે છે. સમ્યક ચારિત્ર પ્રગટ થવાને મોહની કર્મ નામનું કર્મ અટકાવ કરે છે. જીવો મોહને આધીન થઈ પોતાનું શુદ્ધ સ્વરૂપ ભુલી જાય છે. પોતાની લાયકાત અને યોગતા કેવા પ્રકારની છે તેનો ખ્યાલ પણ તેને રહેતો નથી અને જગતની અંદર અશુદ્ધ પ્રવર્તિ કરી પોતાનું ચારિત્ર કલંકિત કરે છે.

આ મોહની કર્મનું સ્વરૂપ સમજવાને કર્મગ્રંથાદિ કર્મનું સ્વરૂપ સમજાવનાર ગ્રંથોનો અભ્યાસ કરવાથી તેનો યથાર્થ બોધ થશે. તેનો યથાર્થ બોધ પ્રાપ્ત કર્યા સિવાય પોતાનું સમ્યક્ ચારિત્ર બંધારણ કરી શકે નહિ.

આઠ પ્રકારના કર્મોમાં મોહની કર્મની સત્તા વિશેષ પ્રબળ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, અને મોહની કર્મ આ ચાર કર્મ આત્માના ગુણોનો ઘાત કરનાર છે, તેથી તે ઘાતિકર્મના નામથી ઓળખાય છે. નામકર્મ, ગોત્રકર્મ આયુકર્મ અને વેદનીકર્મ એ ઘાતિકર્મ નથી. પણ પ્રથમના ચારના ફળ વિપાકરૂપે પરિણામ પામનારા છે. આ આઠે કર્મના એકંદર એકશો અઠાવન ભેદ છે, તેમાં પ્રથમના ચારના સુડતાળીશ ભેદ છે, અને બાકીના ચારના એકસો અગીયાર ભેદ છે. પ્રથમના ચારના સુડતાળીશ પ્રકારના જે કર્મ છે, તે કર્મનો જો આપણે નાશ કરવાને સમર્થ થઇએ તો પછી એકશો અગીઆરના માટે બહુ મહેનત કરવાની જરૂર પડશે નહિ. પ્રથમના ચાર પ્રકારના કર્મના જે સુડતાળીશ ભેદ કહ્યા છે. તે કર્મ ખપાવવાને માટે ઘણો પ્રયત્ન કરવાની જરૂર છે. એ રસ્તે પ્રયત્ન કરનારને મોહની કર્મ ધકામારી પાછા હઠાવે છે. મોહની કર્મ જીવને આગળ વધતાં અટકે છે અને તેને પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરતાં મુંઝાવી નાંખી અનંત કાળ રઝળાવી નાંખે છે. તેથી સમ્યકચારિત્ર બંધારણની ઈચ્છાવાળાએ પ્રથમ મોહની કર્મનું સ્વરૂપ બરોબર સમજવું જોઇએ જેથી જીવોએ પ્રથમ સમ્યક્ જ્ઞાનાભ્યાસ કરી પોતાના વિચારોને નિર્મળ બનાવવાને પ્રયત્ન કરવો જોઇએ. એ જ્ઞાનચક્ષુ થયા સિવાયના જીવોને શાસ્ત્રકારોએ ચર્મચક્ષુ છતાં આંધળાની ઉપમા આપી છે. ઉપાધ્યાયજી શ્રી જશવિજયજી મહારાજ સવાસો ગાથાના શ્રી સીમંધર સ્વામીના સ્તવનમાં જણાવે છે કે,

" જાતિ અંધનોરે દોષ ન આકરો, જે નવિ દેખેરે અર્થ; "
મિથ્યા દૃષ્ટિરે તેહથી આકરો, માને અર્થ અનર્થ, ॥ શ્રી સીમંધર સાહેબ સાંભળો–૧૪

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજ કારણસર આપણે પ્રથમ સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ કરી આપણા વિચારોને નિર્મળ બનાવવાની આપણી પેહલી ફરજ છે. અને તે બજાવ્યા સિવાય આપણે આપણું ચારિત્ર સમ્યક્ પ્રકારનું બાંધવાને માટે શક્તિવાન થઇ શકીશું નહિં.

**મોહની કર્મના બે ભેદ છે. દર્શન મોહની તથા ચારિત્ર મોહની.**

ચારિત્રમોહની કર્મની પચીશ પ્રકૃતિ છે. તેમાં સોળ કષાયમોહની, અને નવ નોકષાયમોહની નામથી ઓળખાય છે. ક્રોધ, માન, માયા, અને લોભ આચાર કષાય છે. જે જીવોને અનંત કાળ સંસારમાં રઝળાવે છે. અને સમ્યક્ ચારિત્રનું બંધારણ કરતાં અટકાવે છે. વિચાર કરવાથી જણાશે કે ઉત્તમ પ્રકારનું ચારિત્ર ઘડવામાં ખાસ અડચણ કરનાર આચાર સિવાય બીજા કોઇની ગણત્રી થઇ શકશે નહી. આચારના પ્રત્યેકના ચાર ચાર પેટાભેદ છે, તેનો વિચાર હાલ બાજુ ઉપર રાખીએ છીએ કેમકે તેવા સુક્ષ્મ ભેદોમાં ઉતરનાર વ્યક્તિઓ ઘણી થોડી હોય છે. આપણે અહિં એકંદર સમાજના ચારિત્ર બંધારણના માટે વિચાર કરીએ છીએ. તેથી સુક્ષ્મ ભેદોની વિચારણા નહિ કરતાં સ્થુળ ભેદોનીજ વિચારણા કરીશું.

આ પ્રવતિમય જમાનામાં મુખ્યત્વે લોભ અને માન સિવાય આપણને શું માલુમ પડે છે ? આપણે પણ લોભ અને માનમાં ફસાયલા છીએ. લોભ અને માનના માટેજ આપણે ક્રોધ અને માયાનો આશ્રય કરીએ છીએ. એ લોભ અને માનજ મુખ્યત્વે માણસને ચારિત્રનાં બંધારણનો અટકાવ કરે છે. કેટલેક અંશે બીજા નવ પ્રકાર ચારિત્ર બંધારણને હરકત કર્તા છે ખરા, પણ જેટલે દરજ્જે આચાર મહાન દુર્ગુણો ચારિત્રબંધારણને હરકત કર્તા છે, તેટલે દરજ્જે તે નથી. લોભ અને માનના સારૂ શું શું ઉપાયોનું આચરણ જીવો નહી કરે તે કહી શકાતું નથી. વિજ્ઞાનમાં આગળ વધેલા કહેવાતા દેશોમાં વર્તમાનમાં જે માહાન્ વિગ્રહ શરૂ થઇ અસંખ્ય જીવોનો ઘાત થયો છે, અને માલ મીલકતનો નાશ થયો છે. તેના કારણનો આપણે વિચાર કરીએ છીએ તો મારી દ્દષ્ટિએ તો લોભ અને માન શીવાય બીજું કંઇ જણાતું નથી.

ઉતમ પ્રકારનું ચારિત્ર ઘડવાની ઇચ્છાવાળાએ તેનામાં જે ક્રોધ, માન, માયા, અને લોભ રહેલા છે, તેમાં ઓછાશ કરવાને માટે પ્રયત્ન કરવાની શરૂઆત કરવી જોઇએ. એ ચારમાં ઘટાડો કર્યા સીવાય ચારિત્રબંધારણની શરૂ વાત કરવાની વાતો કરવી એ હવામાં મુઠીઓ ભરવા જેવું છે. ભગવંત માહાવીરે પોતાના જ્ઞાનથી એ વાત નક્કી કરી કહ્યું છે કે પ્રબળ કષાયનો અભાવ એજ જીવનો પોતાનો નિર્મળ સ્વભાવ પ્રગટ કરવાનો ઉપાય છે.[૧] તેથી જેટલે જેટલે અંશે આપણે તેનામાં ઓછાશ કરી શું તેટલે તેટલે અંશે સમ્યક્ ચારિત્ર બંધારણમાં આગળ વધી શકીશું. અને તેજ ખરો ધર્મ છે.[૨]

૧ જુઓ સવાસો ગાથાના શ્રી સિમંદર સ્વામીના સ્તવનની ગાથા ૧૭
૨ „ „ ૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન પરિભાષામાં જેને સમ્યક્ત્વ કહેવામાં આવે છે, જે આત્મિક વિશુદ્ધિનું પહેલુ પગથીયું છે, તે પ્રાપ્ત કરવાને માટે આચાર કષાયના પેહલો ભેદ જે અનંતાનુબંધી કષાયની ચોકડીના નામથી ઓળખાય છે, તે ચાર અને દર્શનમોહની કર્મની ત્રણ પ્રકૃતિ મળી સાત પ્રકૃતિનો ઉપશમ અને ક્ષયોપશમ કરવાને માટે પ્રયત્ન કરવો જોઇએ. અને તેને પ્રાપ્ત કરવાને માટે રાગ અને દ્વેષ એ બે મુખ્ય દુર્ગુણ જે સર્વ કર્મબંધનનો પાયો છે, જે રાગદ્વેષની ગ્રંથીના નામથી ઓળખાય છે, તેનો છેદ કરવો, કરવાને પ્રથમ ઉદ્યમ કરવો જોઇએ. રાગદ્વેષ ઓછા થયા શીવાય જીવ–આત્મા–ના શુદ્ધ ગુણો પ્રગટ કરવાની શરૂવાત થઇ શકશે નહિં. એમ જ્ઞાનીઓનું કથન છે.

આત્માની પૂર્ણ સત્તા પ્રગટ કરવાને ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ સમજવાની પણ જરૂર છે. અનાદિકાળથી જીવ અજ્ઞાનના યોગે જન્મ મરણ કરી નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિમાં ભ્રમણ કરે છે. તે ભ્રમણતા અટકાવવાને માટે તેણે પોતાના ગુણો ખીલવવાને માટે પ્રયત્ન કરવો જોઇએ, જેજે મહાત્માઓ આ જગત્માં ઊંચ કોટીમાં આવી ગયા છે, તેમણે પોતાનામાં રહેલા ગુણોમાં ઉત્તરોત્તર વધારો કરીને આગળ વધી જન્મ–મરણ રૂપ માહાન દુઃખ નિવારણ કરેલું છે, તેઓ જે ક્રમથી આગળ વધેલા છે તેજ ક્રમથી આગળ વધવાની ઇચ્છાવાળાએ પ્રયત્ન કરવાનો છે. આગળ વધવાના તે ક્રમમાં ફેરફાર થઈ શકવાનો નથી. આ ગુણો આત્માની પ્રણુતિની શુદ્ધતા ઉપર આધાર રાખનાર છે. તેમાં કંઇ પણ મલીનતા કામ આવવાની નથી, કે બાહ્ય ઠગાઇ ચાલવાની નથી. એક અંશ માત્ર જો મલીનતા હશે તો તે સંપૂર્ણતા પ્રાપ્ત કરી શકતો નથી. ઉપર એવા આગળ વધવાની પ્રવૃત્તિવાળા જીવોમાં ઉપર આપણે જે લોભાદિ ચાર કષાયો કહી ગયા, તેના કંઈ અંશો તેમના જીવ પ્રદેશમાં સત્તામાં રહેલા હોય છે, તો મોહની કર્મ તેને એવો ધક્કો મારે છે કે પાછો કેટલોક કાળ સંસારમાં રખડવું પડે છે.

આ ગુણસ્થાનકનું પહેલું પગથીયું મિથ્યાત્વ ગુણસ્થાનક નામથી ઓળખાય છે. એ મિથ્યાત્વ ગુણસ્થાનકમાંથી જીવ ચાર અનંતાનુબંધિ કષાય અને ત્રણ દર્શન મોહની કર્મને ઉપશમાવી અવિરતિ સમ્યક્ ગુણસ્થાનક જે ચોથા ગુણસ્થાનકના નામથી ઓળખાય છે ત્યાં આવે છે.

પ્રથમના મિથ્યાત્વ ગુણસ્થાનકથી જીવ ચોથા અવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાનકે આવ્યા બાદ જો તે અનંતાનુબંધી કષાયના વશ પાછો ન પડે અને ક્રમે ક્રમે આગલા ગુણસ્થાનકે વધતો જાય તેમ તેમ તેની ઉપાધિ ઓછી થતી જાય છે. અંશે અંશે નિરૂપાધિકપણું વધતું જાય, તેમ તેનામાં આત્મધર્મ પ્રગટ થતા જાય છે. જેમ જેમ આત્મધર્મમાં આગળ વધી વિરતી ગુણમાં વધતો જાય તેમ તેમ ઉત્તમ પ્રકારના ચારિત્રની ઘટના તેનામાં થતી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરથી આપણી ખાત્રી થાય છે કે, સમ્યક્ ચારિત્રના બંધારણના રોધક, ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર મહાન દુર્ગુણો છે. ત્યારે પ્રશ્ન એ થશે કે, ગૃહસ્થ ધર્માવલંબી જીવો એ ચારેનો સર્વથા ત્યાગ શી રીતે કરી શકે?

જૈન શાસ્ત્રકારોએ એ પ્રશ્નનો નિવેડો સારી રીતે કરેલો છે, તેમણે ગૃહસ્થધર્મ અને સાધુ ધર્મ એવા મુખ્ય બે ભેદ પાડેલા છે, જેઓનામાં વૈરાગ્ય વૃતિ ઉદ્ભવ પામી હોય, અને તેને ટકાવી રાખી આગળ વધવાની શકિત હોય, તેઓના માટે સાધુ ધર્મ ઉત્તમ છે. અને સાધુ ધર્મનું સારી રીતે પાલણ કરનાર મહાત્માઓ જેટલું શુદ્ધ ચારિત્ર ઘડી શકે, તેટલું ગૃહસ્થ ધર્મનું આલંબન કરનાર ન ઘડી શકે એતો સ્વભાવિક છે. પણ બધા જીવો કંઇ વૈરાગ્ય વાસનાવાળા હોતા નથી. તેઓને તો ગૃહસંસારમાં રહી પોતાના ચારિત્રની ઘટના રચવાની હોય છે. ત્યારે તેણે ગૃહસ્થધર્મના સ્વરૂપથી પ્રથમ વાકેફ થવું જોઇએ. ગૃહસ્થધર્મમાં સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ એ બે પ્રકાર છે. સામાન્ય ધર્મ જે માર્ગાનુસારીના પાંતરીશ ગુણોના નામથી ઓળખાય છે. જેનો પહેલો ગુણ ન્યાયસંપન્ન વૈભવ એ નામથી ઓળખાય છે. એટલે ગૃહસ્થ ધર્મનું પરિપાલન કરવાની ઇચ્છાવાળાએ પ્રથમ ન્યાયી થવું જોઇએ. અને બીજા સામાન્ય ગુણો પ્રાપ્ત કરવા જોઇએ. બેશક તેનામાં ગૃહસંસારના અંગે લોભ, માન, હોય તોપણ તેની કઇ મર્યાદા તેનામાં હોય છે. એ ચાર કષાયો પણ પ્રશસ્ત ભાવે તેનામાં હોય છે. અપ્રશસ્ત ભાવે એ ચારનો જબરજસ્ત જેનામાં ઉદય હોય તે કદાપી પણ ચારિત્ર બંધારણની ઘટના ઉતમ પ્રકારની કરવાની શરૂવાત કરી શકશે નહી, એમ લાગે છે.

ત્યારે વાત પાછી અહીં આવે છે કે તેણે સામાન્ય અને વિશેષ પ્રકારના ધર્મનું જ્ઞાન પ્રથમ મેળવવું જોઇએ, જો જીવ જ્ઞાન મેળવશે નહી તો તેને પોતાના કર્તવ્યનું ભાન થશે નહી. કર્તવ્યનું ભાન થશે નહિ તો તેનામાં ઉતમ પ્રકારના વિચારોનું આગમન થશે નહિં, અને ઉત્તમ પ્રકારોના વિચારોના આવાગમન સિવાય ઉત્તમ ચારિત્રની ઘટનાની પ્રવર્તિ કરી શકશે નહીં.

આ કષાયના સોળ ભેદની સાથે ૧ હાસ્ય, ૨ રતિ, ૩ અરતિ, ૪ ભય, ૫ શોક, અને ૬ દુગંછા, જે હાસ્ય ષટકના નામથી ઓળખાય છે તે, અને ૧ પુરૂષ વેદ, ૨ સ્રી વેદ, અને ૩ નપુંષક વેદ, આ ત્રણ વેદ એ પણ જીવના સમ્યક્ ચારિત્ર બંધારણની ઘટનાના રોધક છે.

જેઓને પોતાના ચારિત્ર ગુણની ઘટના ઉત્તમ પ્રકારની બનાવવાની ઇચ્છા હોય તેમણે ક્રોધ, માન, માયા, અને લોભની સાથે ઉપર બતાવવામાં આવેલા નવ દુર્ગુણોનો પણ સર્વથા અથવા અંશે અંશે ત્યાગ કરવાની પ્રવર્તિ કરવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે એ પચીશ દુર્ગુણો અંશે અંશે ઓછા કરવા જોઈએ, એટલે સ્વભાવિક રીતે તેના પ્રતિસ્પર્ધિ સદ્‌ગુણો ખીલશે, અને તે ખીલવવા એજ ઉત્તમ પ્રકારનું ચારિત્ર છે. આ પચીશ દુર્ગુણોના પ્રતિસ્પર્ધિ સદ્‌ગુણો આપણામાં ખીલે તો પછી જગતના વ્યવહારમાં જે મહાન ધમાલ ચાલી તેને અશાંતિનું કારણ થાય છે, તે કારણોનો સ્વભાવિક રીતે અભાવ થતો જશે. અને અશાંતિના કારણોનો અભાવ થવાની સાથે શાંતિ આપોઆપ આવીને ઉભી રહેશે. જ્યાં શાંતિ ત્યાં આત્માનંદ પણ પ્રગટ થશે. આત્માનંદના જેવું સુખ જગતમાં બીજુ કોઇ નથી, અને તે પ્રાપ્ત કરવાને માટે મોહની કર્મની સાથે યુદ્ધ કરવું એજ કર્તવ્ય છે.

અહિં બીજી એક વાત ધ્યાનમાં રાખવાની છે કે, સમ્યક્ ચારિત્રના બંધારણની ઈચ્છાવાળામાં સદ્‌ગુણોથી પ્રાપ્ત થનાર ઉત્તમ લાભમાટે ખાસ સમ્યક્ શ્રદ્ધા ઉત્પન્ન થવી જોઈએ. જીવ શુભાશુભ કર્મનો કર્તા છે, અને તેના કર્મ વિપાક ફળ ભોગવનાર તે પોતેજ છે. પુનર્ભવ છે, મોક્ષ છે, અને મોક્ષનો ઉપાય છે. આ વિષયના શ્રદ્ધાવાન જીવોજ ઉત્તમ પ્રકારના ચારિત્રનુ બંધારણ કરવાને નસીબવાન થશે. પોતાના કરેલા શુભાશુભ કર્મના ફળ વિપાક પોતાને ભોગવવા પડવાના નથી. સ્વર્ગ નથી, નરક નથી, પુન્ય નથી, પાપ નથી, આવા વિચારવાળા જીવો પોતાનું ચારિત્ર ઉત્તમ બનાવવાને શકતીવાન થતાજ નથી. જેઓનામાં ન્યાયબુદ્ધિ નથી. જેઓ સારાસાર વિચાર કરી શકતા નથી, અને પોતાનો કકો ખરો કરવાનીજ બુદ્ધિ છે, તેઓ આ વાતનો મમ્યક્ રીતે વિચાર કરી શકશે નહિં એમ જ્ઞાનીઓનું કથન છે. આ વાતોનો વિચાર કરવાને ન્યાયી બુદ્ધિની જરૂર છે અને તેઓજ સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરવાના અધિકારી છે, એમ મહાન્ આચાર્યોનો મત છે.

તાત્પર્ય એ છે કે, ઉત્તમ પ્રકારના ચારિત્ર બંધારણની ઈચ્છાવાળાએ પ્રથમ સમ્યક્ જ્ઞાન મેળવવાને ઉદ્યમવાન થવું જોઇએ. સદ્‌ગુણોના રાગી થઈ સમ્યક્ શ્રદ્ધાનો ગુણ ખીલવવો જોઇએ. અને પછી પોતાની શક્તિ અનુસાર મોહની કર્મની અઠાવીશ પ્રકૃતિમાંથી દર્શન મોહની કર્મની ત્રણ પ્રકૃતિ અને કષાય મોહનીની પ્રથમની ચાર પ્રકૃતિ ઉપર પ્રથમ જય મેળવવો જોઈએ, અને ક્રમે ક્રમે દુર્ગણનો ત્યાગ કરવાને પ્રયત્ન કરવો જોઇએ. સાથે પ્રમાદાચરણનો ત્યાગ કરવો જોઈએ. પ્રમાદાચરણનો ત્યાગ કરીએ તો જરૂર આપણે આગળ વધી શકિશું.

યોજક.

વકીલ નંદલાલ લલ્લુભાઈ—વડોદરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સમાજસેવા અને શ્રાવકક્ષેત્રની ઉન્નતિ માટે કેવા પ્રયત્નની જરૂર છે?

## ( ભાવનગરમાં જૈન સ્વયંસેવક બંધુઓની સેવા. )

ચાર વર્ષથી ચાલતા યુરોપના ભયંકર યુદ્ધથી દરેક વસ્તુની મોંઘવારી અને ગયા વર્ષમાં સારો વરસાદ ન થવાથી પડેલ આ દેશમાં દુકાળથી આ દેશની પ્રજા ત્રાસી ગઇ હતી, દરમ્યાન આ દેશમાં ઇન્ફલ્યુએન્ઝાના નામથી ઓળખાતો રોગ મુંબઈમાંથી પ્રથમ શરૂ થયો અને રોજના છેવટે આઠશેંહ સુધી મરણ ત્યાં એ રોગથી થવા લાગ્યા; તેટલુંજ નહીં પરંતુ તે રોગ સાથેજ ગુજરાત કાઠીયાવાડમાં અને દેશમાં સર્વ સ્થળે ભાદરવા આશો માસમાં ફેલાઈ જતાં મરણ સંખ્યા દરેક સ્થળે વધતાં વધારે ત્રાસ ફેલાઇ ગયો. એક તો દુકાળ મોંઘવારી અને બીજી બાજુ રોગના ત્રાસથી મનુષ્યને અત્યંત મુશ્કેલીઓ ઉભી થઈ. મુંબઇમાં આ રોગનો ઉપદ્રવ શરૂ થતાં અને આપણી જૈન કોમમાં મરણનું પ્રમાણ વધારે આવતાં ત્યાંના શ્રીમંતોએ થોડાજ વખતમાં જૈન કોમની મદદે આવી મોટા પાયા ઉપર હીરાબાગમાં એક જૈન હોસ્પીટલ ખોલી હતી અને જેનાથી આપણા બંધુઓને રાહત મળી છે, તેટલુંજ નહીં પરંતુ બહારગામ પણ દવાઓ મોકલી કાર્ય–ફરજ બજાવી છે, જેથી તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. જેમ જૈનોએ આ કાર્ય મુંબઈમાં કર્યું છે, તેમ બીજી પ્રજાઓએ પણ તેવા ખાતાં ખોલી, સ્વયંસેવકો તૈયાર કરી, દવાઓ પહોંચાડી મનુષ્યસેવાનું કાર્ય કરેલ છે જે પ્રશંસનીય છે. આ રીતે જેમ બીજા સ્થળોએ કાર્ય થયું છે તેમ અત્ર ભાવનગર શહેરમાં પણ ગયા ભાદરવા માસથી આ ઉપદ્રવ શરૂ થતાં રોજના એંશી અને ઉપર પણ મરણ સંખ્યા વધી જતાં ગભરાટ ફેલાઇ ગયો હતો. મુંબઇની જેમ અત્રે પણ બીજી કોમોએ કાર્ય કર્યું હતું તેમ આપણી કોમમાં પણ મરણ સંખ્યા વધવા લાગી જે જોઇ હૃદય કંપવા લાગ્યું જેથી અત્રે એક જૈન સ્વયંસેવક મંડળ તૈયાર થયું અને તાત્કાલિકમાં એક ફંડ તૈયાર કરી જલદીથી સમાજસેવા બજાવવા આપણા યુવક જૈન બંધુઓ તૈયાર થઈ ગયા. જેમાં ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ, વોરા નરોતમદાસ સાકરચંદ, શા. પરમાણંદદાસ કુંવરજી, વોરા જગજીવનદાસ અમરચંદ, વકીલ વ્રજલાલ દીપચંદ એ પાંચ સેક્રેટરીઓ અને શા. ભીખાભાઇ હેમચંદ ટ્રેઝરર, તેમજ છોટાલાલ ત્રિભુવનદાસ વગેરે ૫૦ થી ૬૦ બંધુઓએ પોતાનો રોજગાર છોડી આ ઉપદ્રવની સામે બચાવ કરવા અને જૈનબંધુઓની આવા વખતમાં સેવા કરવા કટીબદ્ધ થયા. પ્રથમ હેરીસરોડના નાકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસની ઓફીસે એક ફ્રી ( મફત ) દવાખાનું ઉઘાડયું. ત્રણ ડોકટરો અને બે દેશી વૈદોની ગોઠવણ કરી અને દવા આપવા માટે બે કંપાઉન્ડરોની ગોઠવણ કરી. દવાખાનેથી જૈનબંધુઓ અને ઇતર આવે તો તેને પણ દવા આપવાની ગોઠવણ શરૂ કરી દીધી, તે સાથે ઘેર ઘેર ગજ્જર સોલ્યુશન વગેરે ઇંગ્રેજી દવા તથા કરીયાતું વગેરેના ઉકાળા વગેરે દેશી દવા જૈનબંધુઓને પહોંચાડવાનુ જૈન સ્વયંસેવક બંધુઓએ શરૂ કરી દીધું. જે બંધુઓને વૈદ ડાક્ટરની જરૂર હોય તેને ઘેર તેઓને મોકલવાની ગોઠવણ શરૂ કરી દીધી. આખો દિવસ તેજ કાર્ય સિવાય સ્વયંસેવક બંધુઓ બીજું કાર્ય કરતા નહોતા. અને આ રોગ ચેપી છે તેવી હકીકત બહાર આવ્યા છતાં તેની દરકાર નહીં કરતાં બીમાર બંધુઓના શરીરને સ્પર્શ કરી સેવા બજાવી છે. દવા સિવાય ખોરાક, કપડા વીગેરેની પણ જરૂરીયાતો પુરી પાડવામાં આવતી હતી, દવાખાને રોજ બશેંહ દર્દીને દવા આપવામાં આવતી. હતી. તથા ઘેર બેઠા ચારશેથી પાંચશેં મનુષ્યોને દવા પહોંચાડવામાં આવતી હતી, તે સિવાય અડખે પડખેના નાના નાના ઘણા ગામોમાં પણ આ જૈન સ્વયંસેવક બંધુઓ જાતે જઇને દવા વગેરે આપતા હતા. લાગણી પૂર્વક કીર્તિની લાલસા વગર ફરજ સમજી આ વખતે આ જૈન સ્વયંસેવક બંધુઓએ જૈન સમાજની સારી સેવા બજાવી છે. અનેક જૈન બંધુ બ્હેનોને આથી આરામ, આશ્વાસન મળ્યું છે, આવી રીતે આ સ્વયંસેવક બંધુઓએ લગભગ સવા મહિનો ઉત્તમ રીતે કાર્ય બજાવ્યું છે જેથી તેઓને ધન્યવાદ ઘટે છે. સમાજ સેવા કરવી તે દેશ સેવા કે પ્રાણી માત્રની સેવા કરવાની નિશાળનું પ્રથમ પગથીયું છે, જૈનકોમમાં જૈનબંધુઓ કોઇ પણ કાર્યમાં સમાજસેવા કરવા શીખે કે કરે તે ખરેખર પ્રશંસાપાત્ર છે. આવું સરસ કાર્ય લાગણીપૂર્વક અત્રેના જૈન સ્વયંસેવક બંધુઓએ કર્યું જેને માટે અત્રેનો સમાજ અને 'જૈનપત્ર' જેવાએ વખાણ કરી નોંધ લીધી છે, ત્યારે અમારે સખેદ જણાવવું પડે છે કે ભાઇબંધ " જૈનધર્મ પ્રકાશ " તેને માટે કાંઇ પણ નહીં લખતાં જાણે કાંઇ અત્રે બન્યુંજ નથી તેમ અજાણ રહે છે, તેના શ્રીયુત એડીટર જ્યારે આ કારતક માસના તેમના અંકમાં સ્ફૂટનોંધ ચર્ચામાં મુંબઇ જૈન હોસ્પીટલ અને તે કાર્ય કરનારની પ્રશંસા કરે છે નોંધ લે છે ત્યારે પોતે. અત્રે હાજર છતાં આ કાર્ય જોયું જાણ્યું છતાં સ્વયંસેવક બંધુઓનું કાર્ય નજરે જોવે છે છતાં જે માટે અત્રેનો આખો જૈનસમાજ પ્રશંસા કરે છે. છતાં તેવા કાર્યની કે તનમન ધનથી સેવા કરનાર આ જૈન સ્વયંસેવકોની સેવા માટે એક શબ્દ લખવાને પણ સંકોચાવું તે શું ઇષ્ટ છે ? આવી સમાજ સેવા કરનાર બંધુઓની વાણી, લેખની કે પેપરદ્વારા કાર્યની નોંધ લેવી કે સારા શબ્દોમાં લખી તેવા કાર્યના અનેક કાર્ય કરનારની કદર કરવાથી ભવિષ્યમાં સમાજ સેવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યમાં તેઓ વધારે ભાગ લે, પરંતુ તેને બદલે પોતાના પ્રકાશમાં એક અક્ષર નોંધ તરીકે કે બીજી રીતે લેવામાં આવ્યો નથી તે જોઇ અજાયબી લાગે છે; ખેર! તેઓશ્રીને ગમ્યું તે ખરૂં! તેઓએ કાંઇપણ પ્રકટ ન કર્યું તેથી સ્વયંસેવકો બંધુઓની કાર્ય સેવા ચાલી જતી નથી તેમણે તો ખરેખરી ફરજ બજાવી છે અને ભવિષ્યમાં વધારે સારી જૈનસમાજની સેવા કરશે અને આત્મકલ્યાણ કરવા સાથે વધારે ધન્યવાદને પાત્ર થશે એ નિઃશંક છે.

આ વખતે આ રોગને લઇ સ્વયંસેવક બંધુઓએ ઘેર ઘેર ફરી દવા વગેરેને પહોંચાડયું છે તેથી તેમજ હાલમાં તે બંધુઓએ તૈયાર કરેલી જૈન ડીરેકટરી ઉપરથી અત્રે જૈનસમાજની એકંદર સ્થિતિનું ભાન આ જૈન બંધુઓને થયું છે. અને સમાજને શી શી જરૂરીયાત છે તે પણ કેટલેક અંશે તેઓના જાણવામાં આવ્યું છે. બીજી કોમ જ્યારે પ્રગતિમાં આગળ વધે છે ત્યારે જૈન કોમ આચારમાં, કેળવણીમાં અને શારીરિક સ્થિતિમાં પાછળ રહેલી માલુમ પડે છે. અત્યારે આપણી જૈન કોમમાં તેમની ચાલુ પ્રગતિ માટે, તેની ઉન્નતિ માટે જોઇએ તેટલા સાધનો નથી. અને ઉપાયો લેવાતા નથી જેથી શ્રાવકક્ષેત્ર કે જે સાત ક્ષેત્રનું રક્ષણ જેનાથી થઇ શકે છે તે નબળું પડેલ છે, તેનું કારણ ભગવાનના વચનોનો અમલ જોઇએ તેવો થતો નથી તે છે, તીર્થંકર ભગવાનનું કથન એ છે કે જે જે કાળમાં જે જે ક્ષેત્ર સિદાતું હોય તે તે ક્ષેત્રને મુખ્ય કરી તેની ઉન્નતિનો પ્રથમ પ્રયાસ કરવો અને બીજા ક્ષેત્રોને ગૌણ રાખવા, પરંતુ તે ઉદ્દેશ આપણે ભુલી ગયા છીયે અથવા બીજી તરફ આપણને પરવા નથી અથવા તે પણ આત્મકલ્યાણનો માર્ગ છે તે સમજ્યા નથી. ગમે તેમ હો પરંતુ દાખલા તરીકે એક કાળમાં એક દેશમાં એક વખત દેવાલયોની અમુક પ્રમાણમાં જરૂર હતી, તેના પુરતા રક્ષણ માટે દેવદ્રવ્યની જરૂર હતી, તે તે કાળ વ્યતીત થયો, દેવાલયો પુરતા થયા. દેવદ્રવ્ય જોઇએ તે કરતાં વધારે પ્રમાણમાં થયું, છતાં બીજા તેને લગતા કે બીજા ધાર્મિક કાર્યો ચલાવવા વગેરે માટે જે સાધારણ દ્રવ્ય જોઇએ તેની તો દરકાર રહીજ નહીં અને જ્યાં ત્યાં દેવદ્રવ્યની દરેક સ્થળે વૃદ્ધિ થવા લાગી જેથી સાધારણ દ્રવ્ય નહીં હોવાથી–તેની દરકાર નહીં કરવાથી બીજા ખાતાઓમાં થતા ખર્ચ માટે દેવદ્રવ્યના દેવાદાર અને સાધારણ ખાતામાં દેવું–ટોટો વગેરે ઘણે સ્થળે પડવા લાગ્યો અને પડેલો આપણે સાંભળીયે પણ છીયે. એટલે કે માત્ર સાતક્ષેત્રમાં એકજ ક્ષેત્ર તરફ દૃષ્ટિ રહી, જેથી બીજા ક્ષેત્રો તરફ જોઇએ તેવી દૃષ્ટી રહી નથી, સમય એવો આવી લાગ્યો કે ઘણે સ્થળે જૈનોની વસ્તી ઘટવાથી–બીલકુલ નહીં રહેવાથી તેથી દેવાલયોની સંભાળ રાખનાર ન રહેવાથી કેટલેક સ્થળે અપૂજ રહેવાનો અને કેટલેક સ્થળે એક સાથે પ્રતિમાજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકઠાં કરવાનો વખત આવી લાગ્યો, છતાં હજી પણ જરૂરીયાત વગર તેની વૃદ્ધિ થયેલી ઘણા સ્થળે સાંભળીયે છીયે. પરંતુ તેનું અને બીજા ક્ષેત્રોનું રક્ષણ કરનાર શ્રાવક ક્ષેત્રની તો કોઇ દરકાર કરતું નથી, આટલા ઉપરથી અમારો કહેવાનો હેતુ એવો નથી કે દેવાલયો ન બંધાવવા, દેવદ્રવ્યની વૃદ્ધિ ન કરવી, પરંતુ જમાનાને શેની પ્રથમ જરૂરીયાત છે અને કયા ક્ષેત્રની મુખ્યતા રાખી અત્યારે કામ લેવું અને તેનીજ વૃદ્ધિ કરવી તેમ કહેવા માંગીયે છીયે. બીજા ધાર્મિક કાર્યો જેવા કે દેવાલય બંધાવવા, વરઘોડા ચડાવવા, સ્વામીવાત્સલ્યને નામે જમણ કરવા વગેરેમાં જેમ શ્રીમંતોનો પૈસો વપરાય છે, તેમ જૈન બંધુઓની ઉન્નતિ માટે જો આટલો પૈસો ખર્ચાય તો થોડા વખતમાં જૈનોની પ્રગતિ થયા સિવાય રહેજ નહીં, વળી જૈન સમાજ પાસે જેટલું ધાર્મિક ખાતામાં દેવદ્રવ્યમાં નાણું અને તેની વૃદ્ધિ માટે પ્રયાસો શરૂ છે તે નાણું જેમ બીજે વ્યાજે ધીરી તેનું રક્ષણ કરવામાં આવે છે, તેમ તેનું રક્ષણ અને વૃદ્ધિ થવા સાથે જૈનોની ઉન્નતિ માટે-શ્રાવક ક્ષેત્રના રક્ષણ અને પ્રગતિ માટે ઉપયોગ કરવાની શાસ્ત્ર મના કરતું હોવાથી માત્ર સાધારણ દ્રવ્ય હોય અથવા તેની વૃદ્ધિ કે આવક-ઉપજ માટે પ્રયાસ થતા હોય તોજ શ્રાવકક્ષેત્ર માટે કામનું છે. વર્તમાન સમયમાં શ્રાવક ક્ષેત્રના રક્ષણ અને ઉન્નતિની જલદીથી જરૂર છે અને તેના રક્ષણ સિવાય બીજા ક્ષેત્રના રક્ષણ થઇ શકતા નથી અને થઇ શકશે નહીં, તેવું સમજવા અને જ્ઞાનચક્ષુઓથી જોવા જૈન બંધુઓ કયારે શીખશે ? જો આ કાળમાં શ્રાવક ક્ષેત્રની ઉન્નતિ અને રક્ષણનીજ ખાસ જરૂર છે તો તેને મુખ્ય કરી બીજા ક્ષેત્રોને ગૌણ કરી દરેક સ્થળે સાધારણ દ્રવ્યની વૃદ્ધિ અને આવક માટે ઉપાયો લેવાની આ કાળમાં મુખ્ય જરૂર છે, અને વગર જરૂરીયાતે હાલ ગૌણમાં મુકવાની જરૂરીયાતવાળા દેવદ્રવ્યની વૃદ્ધિને બદલે સાધારણ દ્રવ્ય કે જે દરેક ક્ષેત્રોમાં તેનો ઉપયોગ થઇ શકે છે તેની વૃદ્ધિ અને આવક માટે શામાટે જલદી પગલાં લેવામાં આવતાં નથી ? બીજાં ઘણા ધાર્મિક કાર્યોમાં થતી આવક જેમ દેવદ્રવ્યમાંજ લઇ જવામાં આવે છે તેમ તેવા ધાર્મિક કાર્યોમાં થતી આવક માત્ર સાધારણ દ્રવ્ય એકજ ખાતું રાખી તેમાંજ લઇ જવી અથવા બીજી યોગ્ય રીતે ફેરફાર કરવો, અને તે સાધારણ ખાતું કે જેમાંથી દેવાલયનું રક્ષણ, મરામત, દેવપૂજા વગેરેમાં થતો ખર્ચ અને બીજા બધા ક્ષેત્રોમાં થતો ખર્ચ એ તમામ આ સાધારણ ખાતામાંથી થઇ શકતો હોવાથી તેવો દરેક સ્થળે પ્રયત્ન થવાની જરૂર છે. શ્રાવક ક્ષેત્રની વર્તમાન સમયને અંગે સુધારણા અને પ્રગતિને માટે જેમ લક્ષ આપવાની જરૂર છે. તેમ આ સાધારણ દ્રવ્ય એવું છે કે તેમાંથી કોઇપણ કાળે કોઇપણ ક્ષેત્રનું રક્ષણ થઇ શકશે અને શ્રાવકક્ષેત્રની—જૈન સમાજની ઉન્નતિ થઇ શકશે. સંકુચિત દૃષ્ટિવાળા જૈન બંધુઓએ આ વાત ઉપર લક્ષ આપવાની ખાસ જરૂર છે, નહીં તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવદ્રવ્યની વૃદ્ધિ થયેલી અને સાધારણ દ્રવ્યમાં ટોટો પડ્યાની, દેવદ્રવ્યના દેવાદાર રહ્યાની વગેરેની બુમો જેમ ઘણા સ્થળે સંભળાય છે તેમ માત્ર એકજ બાજુ દષ્ટિ રાખવાથી તેવી બુમો વધારે સાંભળવી પડશે; અને છેવટે દેવદ્રવ્યની વૃદ્ધિને બદલે નુકશાન થયેલું જોવાનો વખત પણ ભવિષ્યમાં આવી લાગે તે બનવાજોગ છે. સાંભળવા પ્રમાણે કોઇ પણ કાર્યમાં શ્રી ચતુર્વિધ સંઘ મળીને ધાર્મિક ખાતાઓનો ફેરફાર–ગણત્રી કે આવકના વિભાગ કે તેનો ફેરફાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરે જોઇને કરી શકે છે તો તેમ પણ કરવાની જરૂર છે. તો તે રીતે કે બીજી રીતે સાધારણ દ્રવ્યની વૃદ્ધિ અને તે એકજ ખાતું માત્ર રાખવાથી કોઇપણ કાળમાં કોઇ પણ ધાર્મિક ખાતાને અડચણ કે તંગી પડશે નહીં અને દરેક ખાતા સુવ્યવસ્થાથી ચાલી શકશે. આવી રીતે આ ખાતાની વૃદ્ધિથી જે કાળમાં જે ખાતું સિદાતું હોય તેને તે સાધારણ ખાતામાંથી તે સીદાતા ખાતાને જરૂર વખતે મદદ કરવી ઉપયોગી થઇ પડશે. જૈનોની શારીરિક સ્થિતિ સુધારવાની પ્રથમ જરૂરીયાત છે. તેમને આચાર શીખવવો, તનદુરસ્તી સાચવવા માટે શીક્ષણ આપવું, સ્વચ્છ મકાન અને હવાની સગવડના સાધનો કરી આપવા, બીમાર માટે સેનેટેરીયમ બંધાવવા વગેરે તેમજ તેમને કેળવણીના સાધનો પણ બહોળા કરી આપવા, ધાર્મિક શિક્ષણ ઉંચા પ્રકારનું મેળવી આત્મકલ્યાણ કરે, કરાવે અને છેવટે સમાજસેવા–દેવ, ગુરૂ, ધર્મ અને ધર્મીબંધુઓની સેવા કરતાં શીખે તે બધા માટે આવાં સાધારણ દ્રવ્યની–મોટા ભંડોળની અને માત્ર એકજ ખાતાની નિરંતર આવકોના સાધનો જલદીથી તૈયાર કરવાની હાલ જરૂર છે. હાલ તો શ્રાવકક્ષેત્ર સુધારણા માટે કે જૈનબંધુઓની ઉન્નતિ માટે જો ફંડ કરવામાં આવે તો માત્ર માંડમાંડ પરાણે શ્રીમંતો વગેરે ભરી આપે અને જ્યાં સ્વામીવાત્સલ્ય કે અવીચળ નામ રહે તેવી માન્યતા હોય ત્યાં હજારો રૂપૈયા આવી મળે. હાલમાં ભાવનગરમાં ગયા પર્યુષણમાં તેવાજ એક કાર્ય માટે મોટી રકમની ઉત્પત્તિ થઈ શકી હતી, તેના વ્યાજની ઉપજમાંથી બે સ્વામીવાત્સલ્ય થતાં જે વધે તે જેને જરૂરીયાત હોય તેવા જૈનબંધુઓને સહાય આપવી કે જે એક નાની રકમ છે, જેમાં સહાય અનાજ–કપડા વગેરે આપવાના છે. એટલે કે જનસુખાકારી કેળવણી–આત્મકલ્યાણની પ્રગતિના માર્ગોમાં દ્રવ્ય જોઇએ તેટલું કોઇ આપતું નથી. કીર્તિને માટે આપે છે; જો તેમ ન હોત તો ઇનફ્લ્યુએન્ઝા આ વખતે અત્રે શરૂ થયો ત્યારે ફંડમાં ભરાયેલી એકત્ર રકમના સરવાળાથી વધારે રકમ એક એક અનેક જૈનબંધુઓએ સ્વામીવાત્સલ્યના કાર્યમાં પર્યુષણમાં આપી છે, પરંતુ અમારો જૈનબંધુ એવો કોઇ ન બહાર આવ્યો કે, જેણે સ્વયંસેવકો બંધુઓને કહ્યું હોય કેજ્યારે તમો બંધુઓ જ્યારે જાતિમહેનત કરો છો તો તે તમામ ખર્ચ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અડધો ખર્ચ અમો એકલા આપીશું. કારણકે ખર્ચ તો માત્ર સ્વામીવાત્સલ્યમાં એક એક બંધુએ આપેલી રકમથી પણ ઓછું થવાનું છે અને અનુભવ પ્રમાણે માત્ર એક માસજ ઉપદ્રવ રહેતો હોવાથી બહુજ ખર્ચ થવા સંભવ નહોતો અને થયું પણ તેમજ છે; છતાં કોઇ બંધુ આવા જૈન બંધુઓની ખરેખરી સેવા બજાવવાનો વખત હતો ત્યાં તેટલા પૈસા આપવા કહી શકેલ નથી. મતલબ કે જરૂરીયાત, ઉપયોગ અને સમય વર્તીને કાર્ય કરવું એ જૈન સમાજે–જૈન બંધુઓએ ખાસ શીખવાની જરૂર છે, અને તેમ કરવામાં આવે તોજ તેજ સમાજની, તેમાં રહેલા મનુષ્યોની ઉન્નતિ–પ્રગતિ થઇ શકે છે, બાકી જમાનો–વખત તો તેનું કામ કર્યે જાય છે.

## પ્રકીર્ણ.

હાલમાં શહેર ભાવનગરમાં શ્રી જૈન સ્વયં સેવક મંડલે પોતાના ખર્ચે જૈન ડીરેકટરી અત્રેની તૈયાર કરેલી છે, જેનો રીપોર્ટ તૈયાર કરી તેઓ બહાર મુકવાના છે, જેથી અત્રેની જૈન કોમના આગેવાનો તે ઉપરથી સમાજ માટે શી શી જરૂરીયાત છે પુરી પાડવા શું પ્રયત્ન કરે છે તે જોવાનું છે. ગયા પર્યુષણમાં સ્વામીવાત્સલ્ય માટે આગેવાન બંધુઓએ જે પ્રયત્ન કરી એક સારી રકમનું ભંડોળ કર્યું છે તે હવે આ ડીરેકટરીના રીપોર્ટ ઉપરથી અત્રેના જૈન સમાજને જે જરૂરીયાત જણાય તે પુરી પાડવા જૈનોની પ્રગતી માટે તે કરતાં પણ વધારે સારૂં ભંડોળ કરી પોતાની ફરજ બજાવશે એવી આશા રાખીએ છીએ.

અત્રેના જૈન સ્વયં સેવક બંધુઓને આ સમાજસેવાના બીજા પ્રયત્ન માટે ધન્યવાદ આપીએ છીયે.

## ગ્રંથાવલોકન.

શ્રી રાજનગર જૈન શ્વેતાંબર ધાર્મિક ઇનામી પરિક્ષાની સંસ્થાનો સં. ૧૯૭૩–૭૪ ની સાલનો રીપોર્ટ અભિપ્રાયાર્થે અમોને ભેટ મળેલ છે. આ સંસ્થાનો જન્મ સં. ૧૯૭૩ ના કા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રતક માસમાં શ્રીમાન આચાર્ય આનંદસાગરજી મહારાજના ઉપદેશથી અમદાવાદમાં થયો છે. જૈન વિદ્યાર્થીઓનું લક્ષ ધાર્મિક જ્ઞાન અને ક્રિયા ઉપર દોરાય તે ઉદ્દેશ પાર પાડવા માટે આ સંસ્થાનો પ્રયત્ન છે. જેને લઇને પ્રથમ ગઇ સાલના અશાડ માસમાં વિદ્યાર્થીઓની પરિક્ષા લેવામાં આવી હતી. અમદાવાદની ૯ ધાર્મીક શાળાના વિદ્યાર્થીઓ ૨૭૧ પરિક્ષામાં બેઠા હતાં જેમાં ૨૦૧ વિદ્યાર્થી પાસ થયા હતા. જેમાં ચાર ધોરણુના ૧૦૪ વિદ્યાર્થીઓને રૂા. ૨૩૯ ઇનામના આપ્યા હતા. ઇનામનો મેળાવડો ડોશીવાડાની પોળમાં શ્રીમાન મુનિરાજ શ્રી સિદ્ધિવિજયજી મહારાજના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની ધાર્મિક અભ્યાસની વૃદ્ધિ માટે ઇનામી પરિક્ષાઓને ઉત્તેજન આપવા જેવું છે. અમદાવાદ જેવા શહેરમાં જ્યાં અનેક શ્રીમંતો છતા આ સંસ્થાનું ફંડ હાલ તો ઘણુંજ થોડું છે જે વધારવાની જરૂર છે. આ સંસ્થાના સેક્રેટરી ઝવેરી જોગીલાલભાઇ તારાચંદ ઉત્સાહી અને કાર્યવાહક હોવાથી ભવિષ્યમાં આ સંસ્થાના કાર્યને બહુ સારા સ્વરૂપ ઉપર લઇ જશે એવું અમો માનીયે છીયે. આ સંસ્થાની ભવિષ્યમાં ઉન્નતિ ઇચ્છીયે છીયે.

# પુસ્તક પહોંચ.

નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે જે સાભાર સ્વીકારીએ છીએ.

| | |
|---|---|
| ૧ શ્રી મહાવીર ચરિત્ર ( હીંદી ).<br>૨ ધર્મ ચર્ચા સંગ્રહ.<br>૩ કલ્પસૂત્ર ઉપર નિબંધ અથવા મહાવીર જીવનનું ઐતિહાસીક દ્રષ્ટિએ સ્પષ્ટીકરણ. | શ્રી દીગંબર જૈન ઓફીસ સુરત. |

૪ પ્રશ્નોત્તર તત્વબોધ. શ્રી જૈન શ્વે. તેરાપંથી સભા–કલકતા.

૫ શીઘ્ર બોધ અથવા થોકડા પ્રબંધ. મુનિશ્રી જ્ઞાનસુંદરજી.

૫ પાંચોરા જૈન પાઠશાળાનો ચોથો રીપોર્ટ. પાંચોરા.

| | |
|---|---|
| ૬ શ્રી પ્રદ્યુમ્ન ચરિત્ર મહા કાવ્યમ્.<br>૭ સમરાઇચ્ચકહા ભાગ ૨–૩ જો. | બી. બી. એન્ડ કુાં૦ ભાવનગર. |

૮ શ્રી અંગલસિત્તરિ મૂળ સાથે ભાષાંતર. શ્રી મહાવીર જૈન સભા–ખંભાત.

૯ શ્રી લઘુ શાંતિ ટીકા સાથે. " "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## મુનિરાજશ્રી જયવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ )ના શિષ્ય મુનિરાજ શ્રી જયવિજયજી મહારાજ ગયા માસમાં દ્રોળ ગામમાં ઘણા વખતથી થયેલ પક્ષઘાતની બીમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. આ મહાત્મા શુમારે ચાલીશ વર્ષના દિક્ષીત હતા. સ્વભાવે શાંત, સરલ હૃદયના અને ચારિત્ર પાળવામાં નિત્ય સાવધાન હતા. ગણિતાનુયોગના વિષયમાં તેઓશ્રી કુશળ હતા. આ મહાત્માના સ્વર્ગવાસથી એક મુનિરત્નની જૈન સમાજને ખરેખરી ખોટ પડી છે. તેમના સુશિષ્ય મુનિશ્રી પ્રતાપવિજયજી મહારાજને અમો દિલાસો આપી મર્હુમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

## પંન્યાસજી મહારાજ શ્રી શાંતિવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

આ મહાત્મા શ્રીમાન્ વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય પંન્યાસજી શ્રીમદ્ ચતુરવિજયજી મહારાજના શિષ્ય હતા. ઘણા વર્ષના દીક્ષીત હોવા સાથે ઘણાજ સરલ હૃદયના, શાંત અને અભ્યાસી હતા, ચારિત્ર પાળવામાં નિરંતર ઉત્સુક હતા. આ મહાત્મા પણ ઇન્ફલ્યુએન્ઝાના રોગથી સ્વર્ગવાસ પામ્યા છે. આ વ્યાધિએ આવા મહાન પુરૂષોને પણ છોડ્યા નથી. તેઓશ્રીના સ્વર્ગવાસથી એક મહાત્માની ખોટ પડી છે જેને માટે અમો સંપૂર્ણ દિલગીરી જાહેર કરીયે છીયે.

## પંન્યાસજી શ્રીમદ્ ચતુરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

શાંત મૂર્તિ શ્રીમાન વૃદ્ધિચંદજી મહારાજના શિષ્ય પંન્યાસજી શ્રી ચતુરવિજયજી મહારાજ તા. ૫-૧૧-૧૯૧૮ ના રોજ શહેર ભાવનગરમાં સ્વર્ગવાસ પામ્યા છે. ઉકત મહાત્મા ૩૭ વર્ષના દીક્ષીત હતા. વયોવૃદ્ધ, શાંત, સરલ સ્વભાવી, તેમજ ચારિત્રપાત્ર મુનિ હતા. ઉકત મહાત્માને દમનો વ્યાધિ હોવાથી વ્યાખ્યાન વાંચવા, દેવદર્શન જવા આવવા વિગેરેમાં વ્યાધિને લઇને ઘણીજ મુશ્કેલી પડતી તે તેમજ બીજા સાધુધર્મની ક્રિયામાં ઉધમી રહેતા હતા. આ વખતના ભાવનગરના ચાતુર્માસમાં તેઓશ્રીની સમતા-શાંતપણાથી તેઓશ્રીનું પ્રભાવીકપણું દેખાયું છે. આવા મુનિરત્નના સ્વર્ગવાસથી જૈન કોમને ખરેખર ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

### છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.

૨ સત્તરિસય ઠાણુ સટીક—શાહ ચુનીલાલ ખુબચંદ પાટણુવાળા તરફથી.

૩ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા. શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણુવાળા તરફથી.

૪ ચૈત્યવંદન મહાભાષ્ય. ૫ ધર્મપરીક્ષા. જામનગરવાળી બેન મણી તરફથી

૬ જૈન મેઘદૂત સટીક. ૮ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.

૭ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ ૯ દ્રૌપદી સ્વયંવર નાટક.

૧૦ અંતગડદશાંગ સૂત્ર સટીક ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી.

૧૧ શ્રી કલ્પસૂત્ર–કીરણાવળી. શેઠ દોલતરામ વેણીચંદના પુત્ર રત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમનાં ધર્મપત્નિ બાઇ ચુનીબાઇ માણસાવાળાની દ્રવ્ય સહાયથી.

૧૨ શ્રી ઉપાસકદશાંગ બુહારીવાળા શેઠ પીતાંબરદાસ પન્નાજી.

૧૩ શ્રી નિર્યાવલી સૂત્ર. શેઠ હરીચંદ ગોપાળજી શ્રી શિહોરવાળા તરફથી.

### છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક. ૨ ષટ્સ્થાનક સટીક.

૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક. ૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.

૫ બંધહેતૂદય ત્રિભંગી સટીક. ૬ બંધોદયસત્તા પ્રકરણ સટીક.

૭ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત. ૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.

૯ વિજયદેવસૂરિ માહાત્મ્ય. ૧૦ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.

૧૧ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ. ૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.

૧૩ ધાતુ પારાયણ.

### આગમો છપાવવાની થયેલ યોજના.

१ अनुत्तरोव्वाईसूत्र सटीक. २ नंदीसूत्र. श्रीहरिभद्रसूरिकृत टीका साथे.

### આ સભાના નવા થયેલા માનવંતા સભાસદો.

૧ શા. નાગજીભાઇ વનમાળીદાસ રે૦ ભાવનગર બી. વ. લાઇફ મેમ્બર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# (ગુર્જર ભાષાંતર) શ્રીભગવતી સૂત્ર. (પ્રથમગુચ્છ)

## કિંમત રૂા. ૨-૮-૦ ટપાલખર્ચ જુદું.

શ્રી જૈનધર્મનું ખરૂં જીવન સર્વજ્ઞ પ્રણીત સૂત્રો છે. આ ભારતવર્ષ ઉપર વિજયધ્વજ ફરકાવનાર આખા જૈન ધર્મની ઇમારત સૂત્રોના પાયા ઉપર જ રચાણી છે. ભગવાન્ શ્રી જિનપ્રભુની નીતિમય અને પવિત્ર આજ્ઞાઓ, ઉંડા રહસ્યો અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન જાણવાના મુખ્ય સાધન તેમના પવિત્ર સૂત્રોજ છે. ભગવાન્ શ્રી મહાવીરપ્રભુની વાણીની એક અક્ષર માત્રથી અનેક અમૂલ્ય શિક્ષાઓના પ્રવાહો એ સૂત્રોમાંથી છુટે છે. સાંપ્રતકાલે જૈનોના પીસ્તાલીશ આગમો કહેવાય તેની અંદર આ પાંચમાં અંગરૂપે **ભગવતી સૂત્ર**ની એક મહાન્ આગમ તરીકેની ગણના થાય છે. આ મહાન્ સૂત્રમાં સ્થળે સ્થળે ઉત્તમ તત્ત્વજ્ઞાન ધર્મોપદેશ અને અધ્યાત્મ વિદ્યાના મૂળ તત્ત્વોનું યથાર્થ પ્રતિપાદન કરેલું છે. મનુષ્ય જન્મમાં આવશ્ય, પ્રાપ્તવ્ય અને જ્ઞાતવ્ય શી વસ્તુ છે તેનો બોધ કરનાર આ એક સર્વોત્તમ ગ્રંથ ગણાયો છે. પૂર્વાચાર્યોના કેટલાએક લેખોમાં કહ્યું છે કે, શ્રી મહાવીરપ્રભુ અને ગૌતમસ્વામીના પ્રશ્નોત્તરરૂપે ગ્રંથિત કરેલા ભગવતીસૂત્રમાંથી કર્મપ્રકૃતિના સ્વરૂપ, તાત્ત્વિક સિદ્ધાંતો, આચારધર્મો અને વિવિધ રહસ્યના બોધો મળી શકે છે; તેથી આ મહાન્ ગ્રંથ સંસારસાગરથી તરવાને ઉત્તમ નૌકારૂપ, જૈન સંવેગી મહાત્માઓને વિશ્રાંતિને માટે માનસરોવરરૂપ, અખંડ આત્મિક આનંદનો અનુભવ કરવાને કલ્પવૃક્ષરૂપ અને અનાદિકાળના અજ્ઞાનરૂપ ગજેન્દ્રને દૂર કરવામાં કેસરીસિંહરૂપ કહેવાય છે. આ પ્રથમ શતકના પહેલા ઉદ્દેશમાં કર્મના ચલનનો વિષય આવે છે તેની અંદર તે વિષે નવ પ્રશ્નો કરવામાં આવ્યા છે. બીજો ઉદ્દેશ દુઃખ વિષયનો છે, જેમાં જીવે પોતે કરેલા દુઃખને વેદના સંબંધી પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્રીજો ઉદ્દેશ કાંક્ષા પ્રદેશનો છે; જેમાં જીવે કરેલાં કાંક્ષામોહનીય કર્મના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચોથો પ્રકૃતિનો ઉદ્દેશ છે; જેમાં કર્મની પ્રકૃતિ–ભેદના પ્રશ્નનો નિણય કરવામાં આવ્યો છે. પાંચમો ઉદ્દેશ પૃથ્વી સંબંધી છે, જેમાં "પૃથ્વીઓ કેટલી છે?" એ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. છઠ્ઠો યાવત્ ઉદ્દેશ છે, તેની અંદર કેટલા અવકાશને અંતરે સૂર્ય રહેલો છે, તે સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમા નૈરયિક ઉદ્દેશમાં નરકને વિષે ઉત્પન્ન થતાં નારકી સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. આઠમા બાલ નામના ઉદ્દેશમાં "મનુષ્ય એકાંત બાલક છે કે કેમ?" એ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું છે. નવમા ગુરૂત્વના ઉદ્દેશમાં "જીવો કેવી રીતે ગુરૂત્વ–ભારેપણાને પામે છે?" ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે અને દશમા ચલનાદિ ઉદ્દેશોમાં ચાલતું છે, એ અચલિત છે. ચાલતું નથી. ઇત્યાદિ પ્રશ્નનો આવા ર્ણય કરવામાં આવ્યો છે.

આત્માને ત્તમગીગાભાઈ શાહ ભાવનગર.

Registered No. B. 431

For Private And Personal Use Only